અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ જાન્યુઆરી ૨૦૨૪, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર વદ છઠ

વર્ષ : ૧૫
અંક : ૧૫૩

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### જાપાનમાં ફસાયેલા ભારતીયો માટે ઈમરજન્સી નંબર જાહેર કરાયા

# જાપાનમાં ૭.૪ના ભૂકંપ બાદ સુનામીનું એલર્ટ, મોટું નુકશાન

## જાપાનમાં લોકોને સુરક્ષિત સ્થાને ખસી જવા એલર્ટ, જાપાનમાં ફસાયેલા ભારતીયો મદદ માટે ઈમરજન્સી નંબરો અને ઈમેઈલ આઈડી પર સંપર્ક કરી શકાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

૨૦૨૪ની શરૂઆત સાથે જ જાપાનમાં મોટો ભૂકંપ આવ્યો છે. જાપાનની ધરતી ફરી એક વખત ભીષણ ભૂકંપથી ધણધણી ઉઠી છે. ૭.૪ની તીવ્રતાના ભૂકંપના જોરદાર આંચકા બાદ સુનામીનું એલર્ટ જાહેર કરાયું છે. દરિયામાં ૧૫ ફૂટ ઊંચા મોજા ઉછળી રહ્યા છે. દરિયાકાંઠાના લોકોને તાત્કાલિક હટવાના આદેશ અપાયા છે. કેટલાક વિસ્તારોમાં ટ્રેન સેવા સ્થગિત કરાઈ છે. પશ્ચિમ જાપાનમાં મોટું નુકસાન થયાના સમાચાર મળી રહ્યા છે. ભૂકંપની તીવ્રતાને ધ્યાનમાં રાખી સુનામીની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. જાપાન મેટિરોલોજીકલ એજન્સીના જણાવ્યા પ્રમાણે પશ્ચિમી જાપાનના ઈશિકાવા પ્રાંતમાં શક્તિશાળી ભૂકંપ ના આંચકા અનુભવાયા હતા.

જાપાનના દરિયા કિનારાની સાથે નિગાતા, ટોયામા, યામાગાતા, ફુકુઈ અને હ્યોગો પ્રાન્તમાં પણ સુનામીની ચેતવણી જારી કરવામાં આવી છે. આ સાથે સુનામી ચેતવણી કેન્દ્ર દ્વારા ઉત્તર કોરિયા અને રશિયાના પૂર્વ દરિયાઈ વિસ્તાર માટે પણ સુનામીની ચેતવણી જાહેર કરાઈ છે. જાપાનમાં ભારતીય એમ્બેસીએ સોમવારે (૧ જાન્યુઆરી) આવેલા ભયંકર ભૂકંપ



બાદ જાપનમાં ફસાયેલા ભારતીય નાગરિકો માટે ઈમરજન્સી નંબર જાહેર કર્યા છે. આ સિવાય એમ્બેસીએ એક ઈમરજન્સી કંટ્રોલ રૂમ પણ શરૂ કર્યો છે. દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સપર પોતાની એક પોસ્ટમાં કહ્યું કે, એમ્બેસીએ ૧ જાન્યુઆરી ૨૦૨૪એ આવેલા ભૂકંપ અને સુનામી મામલે કોઈનો પણ સંપર્ક કરવા માટે એક ઈમરજન્સી કંટ્રોલ રૂમ શરૂ કર્યો છે. કોઈને મદદ માટે આ ઈમરજન્સી નંબરો અને ઈમેઈલ આઈડી પર સંપર્ક કરી શકાશે. હવામાન વિભાગ સાથે જોડાયેલા જાપાની અધિકારીઓએ જણાવ્યું કે, સુનામીના કારણે સમુદ્રના મોજા ૫ મીટર ઉંચા ઉછળી શકે છે. એટલા માટે લોકોને શક્ય તેટલી વહેલી તકે ઊંચી જમીન અથવા નજીકની બિલ્ડિંગોની ટોચ પર ભાગવાનો આગ્રહ કરવામાં આવ્યો છે. કોસ્ટલ એરિયામાં રહેતા લોકોને સુરક્ષિત સ્થાન પર જવા માટે કહેવામાં આવ્યું છે. ભૂકંપના આંચકા ટોક્યો અને સમગ્ર કાંટો વિસ્તારમાં અનુભવાયા છે. જાપાનમાં માર્ચ ૨૦૧૧માં ૯ની તીવ્રતા વાળા વિનાશક ભૂકંપના કારણે મોટી સુનામી આવી હતી. ભૂકંપ બાદ આવેલી સુનામીએ ફુકુશિમા ન્યુક્લિયર પ્લાન્ટને તબાહ કરી નાખ્યો હતો. આ સુનામીને પર્યાવરણના નુકસાનની દ્રષ્ટિએ એક મોટી ઘટના માનવામાં આવી હતી. ત્યારે સમુદ્રમાં ઉઠેલા ૧૦ મીટર ઉંચા મોજાંએ અનેક શહેરોમાં તબાહી મચાવી હતી. તેમાં લગભગ ૧૬ હજાર લોકોના મોત થયા હતા. જાપાનમાં આજે ૨૦૨૪ની શરૂઆત સાથે જ ભૂકંપ આવ્યો હતો. ૭.૪ની તીવ્રતાના ભૂકંપના જોરદાર આંચકા બાદ સુનામીનું એલર્ટ જાહેર કરાયું છે. દરિયામાં ૧૫ ફૂટ ઊંચા મોજા ઉછળી રહ્યા છે. દરિયાકાંઠાના લોકોને તાત્કાલિક હટવાના આદેશ અપાયા છે. કેટલાક વિસ્તારોમાં ટ્રેન સેવા સ્થગિત કરાઈ છે. પશ્ચિમ જાપાનમાં મોટું નુકસાન થયાના અહેવાલો મળી રહ્યા છે. જાપાન મેટિરોલોજીકલ એજન્સીના જણાવ્યા પ્રમાણે પશ્ચિમી જાપાનના ઈશિકાવા પ્રાંતમાં શક્તિશાળી ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

### નવા વર્ષનાં પહેલા જ દિવસે ઈસરોની સફળ ઊડાન

# બ્લેક હોલનો અભ્યાસ કરવા XPoSAT સેટેલાઈટ લોન્ચ

## ભારત બ્લેક હોલ અને ન્યુટ્રોન તારાઓનો અભ્યાસ કરવા માટે અવકાશમાં વિશિષ્ટ ખગોળશાસ્ત્ર વેધશાળા મોકલનાર વિશ્વનો બીજો દેશ બન્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

નવું વર્ષ શરૂ થયું છે અને ભારતીય અવકાશ સંશોધન સંસ્થાએ વર્ષનું પ્રથમ અવકાશ મિશન લોન્ચ કર્યું છે. ઈસરોએ ૧ જાન્યુઆરીના રોજ સવારે ૯.૧૦ કલાકે 'એક્સ-રે પોલેરીમીટર સેટેલાઈટ' (એક્સપોસેટ) મિશન લોન્ચ કર્યું હતું. ચંદ્રયાન-૩ મિશન દ્વારા ૨૦૨૩માં ચંદ્ર પર પહોંચ્યા બાદ અને આદિત્ય એલ-૧ મિશન દ્વારા સૂર્યની યાત્રા શરૂ કર્યા બાદ, ઈસરોએ આ વર્ષે અવકાશ ક્ષેત્રમાં પોતાનું પ્રથમ પગલું ભર્યું છે. ઈસરોએ કહ્યું કે વર્ષનું પ્રથમ મિશન આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટાથી લોન્ચ કરવામાં આવ્યું હતું. મિશનની શરૂઆત સાથે, ભારત બ્લેક હોલ અને ન્યુટ્રોન તારાઓનો અભ્યાસ કરવા માટે અવકાશમાં વિશિષ્ટ ખગોળશાસ્ત્ર વેધશાળા મોકલનાર વિશ્વનો બીજો દેશ બન્યો છે. એક્સપોઝેટ સંશોધન માટે એક પ્રકારનું વેધશાળા છે, જે અવકાશમાંથી બ્લેક હોલ અને ન્યુટ્રોન તારાઓ વિશે વધુ માહિતી એકત્રિત કરશે. ઉપગ્રહ પૃથ્વીની નીચેની કક્ષામાં સ્થાપિત કરવામાં આવશે અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ ૨૦૨૧માં 'ઈમેજિંગ એક્સ-રે પોલેરીમેટ્રી એક્સપ્લોરર નામનું મિશન લોન્ચ કર્યું હતું. તેના દ્વારા હાલમાં બ્લેક હોલ અને અવકાશમાં હાજર અન્ય વસ્તુઓનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. પોલર સેટેલાઈટ



લોન્ચ વ્હીકલ દ્વારા એક્સપોઝેટને અવકાશમાં મોકલવામાં આવ્યું છે. એક્સોપાસેટ ઉપગ્રહ **PSLV** રોકેટ દ્વારા અવકાશમાં મોકલવામાં આવ્યો છે. આ સેટેલાઈટ લો અર્થ ઓર્બિટમાં સ્થાપિત કરવામાં આવશે, જ્યાંથી પૃથ્વીનું અંતર ૬૫૦ કિમી છે. મિશનના વિઝન વિશે વાત કરતાં, ડૉ. વરુણ ભાલેરાવે, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, બોમ્બેના એસ્ટ્રોફિઝિસિસ્ટ, જણાવ્યું હતું કે, નાસાના ૨૦૨૧ના ઈમેજિંગ એક્સ-રે પોલેરિમેટ્રી એક્સપ્લોરર અથવા **IXPE** મિશન પછી આ પ્રકારનું બીજું મિશન છે. આ મિશન મૃત તારાઓને સમજવાનો પ્રયાસ કરશે. એક્સ-રે ફોટોન અને ધ્રુવીકરણની મદદથી, એક્સોસેટ બ્લેક હોલ અને ન્યુટ્રોન તારાઓની નજીકના રેડિયેશનનો અભ્યાસ કરશે. ડો. વરુણ ભાલેરાવે જણાવ્યું કે બ્લેક હોલ એ બ્રહ્માંડમાં હાજર પદાર્થ છે જેનું ગુરુત્વાકર્ષણ બળ સૌથી વધુ છે, જ્યારે ન્યુટ્રોન તારામાં સૌથી વધુ ઘનતા છે.



## ઉવારસદ વિસ્તારને કોલેરાગ્રસ્ત વિસ્તાર જાહેર કરવામાં આવ્યો

। (એજન્સી) ઉવારસદ, તા.૧ ।

ગાંધીનગરના ઉવારસદનો બે કિ.મી વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે. કર્ણાવતી યુનિવર્સિટી નજીકના ઈંટોના ભઠ્ઠાનો વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે. તો આ અંગે કલેકટર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ છે. કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે ગાંધીનગર મામલતદારની નિમણૂક કરાઈ છે. એક કિશોરની તબીયત છેલ્લાં એક અઠવાડિયાથી નાદુરસ્ત હતી. જેના પગલે કિશોરનો કોલેરાનો રિપોર્ટ કરવામાં આવ્યો હતો. જે પોઝિટિવ આવતા તંત્ર દોડતું થયું છે. તો ગાંધીનગર જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સરવે સહિતની કામગીરી હાથ ધરાઈ છે. તેમજ અસરગ્રસ્ત વિસ્તારોમાં ડોર ટૂ ડોર સરવે હાથ ધરાયો છે. ઝાડા ઉલ્ટીની અસર ધરાવતા બેથી ત્રણ દર્દી મળ્યા છે. જેના પગલે પીવાના પાણીના નમુના ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલાયા છે. કોલેરાના કેસ વધતા તંત્ર દ્વારા પાણી અને ગટરની લાઈનોની ચકાસણી હાથ ધરાઈ છે.

## SOU ખાતે વર્ષ ૨૦૨૩માં રેકોર્ડબ્રેક પ્રવાસીઓ ઉમટ્યા

। (એજન્સી) નર્મદા, તા.૧ ।

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ૨૦૨૩ માં રેકોર્ડબ્રેક પ્રવાસીઓ ઉમટ્યા છે. ત્યારે ૫ વર્ષમાં પ્રથમવાર પ્રવાસીનો આંકડો આ વર્ષે ૫૦ લાખને પાર થયો છે. ૨૯ ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં ૫૦,૨૯,૧૪૭ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. ૫ વર્ષમાં ૧ કરોડ ૭૫ લાખથી વધુ પ્રવાસીઓ નોંધાયા હતા. આ બાબતે સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં સીઈઓ ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું કે, ગયા વર્ષે લગભગ ૪૬ લાખ જેટલા પ્રવાસીઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી.આ વર્ષે પ્રવાસીઓનો આંકડો ૫૦ લાખને પાર થઈ ગયો છે. તેમજ આ આંકડો હજુ પણ વધવાની સંભાવનાં છે. ૩૧ એટલે કે આજે મોટી સંખ્યામાં લોકો આવવાનાં છે. તેમજ ઉત્તરાયણ સુધી હજુ પણ વધુ પ્રવાસીઓ આવવાની શક્યતા છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે લોકો તેઓનાં પરિવારજનો સાથે અહીંયા આવ્યા હતા. તેમજ તેઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે બનાવેલ સુંદર જગ્યા જોઈ મંત્રમુગ્ધ થયા હતા. વિશ્વભરમાંથી પ્રવાસીઓ અહીંયા આવતા હોય છે. ત્યારે પ્રવાસીઓમાં હજુ વધારો થઈ રહ્યો છે.



અમદાવાદના ગાંધીઆશ્રમમાં સૂર્યનમસ્કારના કાર્યક્રમમાં મેયરે પણ ભાગ લીધો હતો.

**૧૦૮ સ્થળ પર આયોજન । મોઢેરા સૂર્યમંદિર ખાતે રાજ્ય કક્ષાના સૂર્યનમસ્કાર સમારોહમાં ૨૫૦૦થી વધુ લોકોએ એક સાથે સૂર્યનમસ્કાર કર્યા**


# નવા વર્ષે સૂર્યના પ્રથમ કિરણ સાથે ગુજરાતમાં થયા સૂર્ય નમસ્કાર

। (એજન્સી) મહેસાણા, તા.૧ ।

આજે નવા વર્ષના પહેલા દિવસે મોઢેરા સૂર્યમંદિર ખાતે રાજ્ય કક્ષાના સૂર્યનમસ્કાર સમારોહમાં ૨૫૦૦થી વધુ લોકોએ એક સાથે સૂર્યનમસ્કાર કર્યા છે. રાજ્યકક્ષાના મોઢેરા કાર્યક્રમ સહિત રાજ્યના વિવિધ ૧૦૭ આઈકોનીક સ્થળોએ આયોજીત સૂર્યનમસ્કાર કાર્યક્રમને ગ્રીનીસ બુક ઓફ વિશ્વ રેકોર્ડમાં પણ આ કાર્યક્રમ નોંધાય તેવુ આયોજન કરવામાં આવ્યું હતું.

મહેસાણા જિલ્લામાં શર્મિષ્ઠા તળાવ અને હાટકેશ્વર મંદિર ખાતે સૂર્ય નમસ્કાર થયા છે. ગુજરાત રાજય યોગ બોર્ડ, રમતગમત યુવા અને સાંસ્કૃતીક પ્રવૃ તીઓના વિભાગ દ્વારા રાજયવ્યાપી સુર્ય નમસ્કાર મહાઅભિયાનનું આજે પહેલી જાન્યુઆરી ૨૦૨૪ના રોજ આયોજન કરાયુ હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી







ભુપેન્દ્રભાઈ પટેલ, ગૃહમંત્રી હર્ષ સંઘવી સાથે જિલ્લા વહીવટી તંત્ર વર્ચ્યુઅલી જોડાયા હતા. સુર્યના પ્રથમ કિરણ સાથે આજે સામુહીક સુર્ય નમસ્કાર કરીને ગુજરાત રાજય વિશ્વ વિક્રમ સ્થાપવા જઈ રહ્યુ છે. વર્ષ નો પ્રથમ દિવસ અને એમાં પણ સૂર્યની પ્રથમ કિરણ જે સૂર્ય મંદિર ઉપર પડે છે એવા સૂર્ય મંદિર ખાતે ગુજરાત ના યુવાઓ સાથે આજે સૌથી વધારે સંખ્યામાં સૂર્યનમસ્કાર કરવાનો વીશ્વ વિક્રમ નોંધીશુ. આ અંગે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પોતાના સોશિયલ મીડિયામાં જણાવ્યુ હતુ કે, 'વર્ષ નો પ્રથમ દિવસ અને એમાં પણ સૂર્યની પ્રથમ કિરણ જે સૂર્ય મંદિર ઉપર પડે છે એવા સૂર્ય મંદિર ખાતે ગુજરાત ના યુવાઓ સાથે આજે સૌથી વધારે સંખ્યામાં સૂર્યનમસ્કાર કરવાનો વીશ્વ વિક્રમ નોંધીશુ. ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની આગેવાનીમાં રાજ્યમાં ૧૦૮ સ્થળો ઉપર ગુજરાતીઓ સૂર્યનમસ્કારમાં જોડાયા હતા. મોઢેરા સૂર્યમંદિર ખાતે ૧ જાન્યુઆરીના રોજ સવારે ૭.૩૦ કલાકે યોજાયો હતો. આ અંગે જિલ્લા કલેકટર ડો ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, નવા વર્ષના પ્રથમ દિવસે રાજ્યકક્ષાના સમારોહ દરેક નાગરિકને સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન માટે પ્રોત્સાહિત કરવાનો છે. જિલ્લા કલેકટર ડો ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, મોઢેરા સૂર્યમંદિર ખાતે સૂર્યની ઉપાસના કરવાના રાજ્ય વ્યાપી સૂર્ય નમસ્કાર અભિયાન અંતર્ગત રાજ્ય કક્ષાનો સન્માન સમારોહ યોજાયો હતો.

**કાતિલ દોરીનો કહેર શરૂ**

## સુરતમાં પતંગના દોરાથી બાઇક ચાલકનું નાક, ગાલ અને ગળાનો ભાગ ચીરાયો

### હજી ઉત્તરાયણના તહેવારને ૧૫ દિવસ બાકી રહ્યા છે ત્યારે શહેરીજનો પતંગ ચગાવતા થઈ ગયા છે

। (એજન્સી) સુરત, તા.૧ ।

ઉત્તરાયણના તહેવારને ભલે ૧૫ દિવસ બાકી હોય પરંતુ પતંગની દોરાની કારણે અકસ્માતના ઘટનાઓ વધી છે. સુરતમાં પતંગના દોરાથી બાઈક ચાલકનું નાક, ગાલ અને ગળાનો ભાગ ચીરાયો છે. વરાછા ગુરુનગરમાં રહેતા ૪૫ વર્ષિય મનીષભાઈ રવિવારે બપોરના સમયે બાઈક પર હજીરાથી પોતાના ઘરે જઈ રહ્યા હતા. ત્યારે મજુરા ફલાય ઓવર બ્રિજ પરથી પસાર થતી વખતે પતંગના ઘાતક દોરાથી મનીષભાઈનું નાક, ગાલ અને ગાળાનો ભાગ કપાયો હતો. જેથી તેમને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હજી ઉત્તરાયણના તહેવારને ૧૫ દિવસ બાકી રહ્યા છે ત્યારે શહેરીજનો પતંગ ચગાવતા થઈ ગયા છે. જો કે, પાલિકાએ હજુ પણ શહેરના ઘણા વિસ્તારોમાં તાર બાંધવાની શરૂઆત કરી નથી, જેને કારણે વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ત્રણેક બનાવ બની ચુક્યા છે. વરાછા ગુરુનગરમાં રહેતા ૪૫ વર્ષિય મનીષ રામજીભાઈ બોઘરા ઈલેક્ટ્રિક વાયરિંગનું કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. મનીષ રવિવારે બપોરના સમયે બાઈક પર હજીરાથી પોતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે મજુરા ફલાય ઓવર બ્રિજ પરથી પસાર થતી વખતે પતંગના ઘાતક દોરાથી મનીષનું નાક, ગાલ અને ગાળાનો ભાગ કપાઈ ગયો હતો. મનીષને લોહી નીગળતી હાલતમાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. થોડાક દિવસ પહેલા જ સચિનમાં સાતવલ્લા બ્રિજ પરથી પસાર થતાં ૨૦ વર્ષિય મોહન ભીમરાવનું પણ ગળું કપાઈ જતાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખેસડાયો હતો. પતંગ ઉડાવવી એ પણ કેટલાક લોકો માટે સમસ્યા બની જાય છે. ખરેખર, લોકો પતંગ ઉડાવવા માટે માંઝાનો ઉપયોગ કરે છે. આ એકદમ ખતરનાક છે, અને ઘણા કિસ્સાઓમાં તે બાઈક અથવા સ્કૂટર સવારોની ગરદન કાપી નાખે છે. આવી ઘટનાઓને ધ્યાનમાં રાખીને ભારતમાં ચાઈનીઝ માંઝા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જો કે આજે પણ આ આવા માંઝા આડેધડ વેચાય છે. રસ્તા વચ્ચે ટ્રેક્ટર અથડાતા લોકો ઘાયલ થાય છે.

**અગમ્ય કારણોસર મોતને વ્હાલુ કર્યું । રેલવે પોલીસને જાણ થતા પોલીસે ઘટનાં સ્થળે પહોંચી મૃતકોની માહિતી મેળવવા તજવીજ હાથ ધરી હતી**

# બોટાદમાં બે મહિલા, બે યુવકે ટ્રેન સામે કૂદી મોત વ્હાલું કર્યું

। (એજન્સી) બોટાદ, તા.૧ ।

આજે વર્ષનાં છેલ્લા દિવસને સૌ કોઈ હર્ષોલ્લાસ સાથે ઉજવી રહ્યા છે. ત્યારે બોટાદનાં ગઢડા તાલુકાનાં નિગાળા રેલ્વે સ્ટેશને કાળજુ કંપાવી દે તેવી ઘટનાં બનવા પામી હતી. જેમાં રેલ્વે સ્ટેશન પરથી પસાર થઈ રહેલ ભાવનગર થી ગાંધીગ્રામ ટ્રેનની સામે આવી ચાર લોકોએ આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી. આ બાબતે રેલવે અધિકારીઓને જાણ કરતા રેલવે પોલીસનાં અધિકારીઓ તાત્કાલીક ઘટનાં સ્થળે પહોંચી આવ્યા હતા. અને મૃતકોની માહિતી મેળવવાની તજવીજ હાથ ધરી હતી. સાંજનાં સુમારે ગઢડા તાલુકાનાં નિગાળા ગામે ટ્રેન સામે આવી બે મહિલા અને બે પુરૂષે મોતને વ્હાલુ કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. ત્યારે આ અકસ્માતની ઘટનાની વાત સમગ્ર ગામમાં વાયુ વેગે ફેલાતા ગ્રામજનો મોટી સંખ્યામાં અકસ્માત સ્થળે આવી પહોંચતા લોકોનાં ટોળા એકઠા થઈ જવા પામ્યા હતા. ત્યારે પોલીસે ગુનો નોંધી ચારેય વ્યક્તિઓની લાશને પીએમ અર્થે મોકલી તેઓની ઓળખવિધિની તજવીજ હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ ગઢડા તાલુકાનાં નિગાળા રેલ્વે સ્ટેશન પર ૪ લોકોનાં મોત થયા હતા. પ્રાથમિક માહિતી મુજબ આશરે ૨૨ થી ૨૫ વર્ષની બે મહિલા તેમજ ૨ પુરૂષોએ ટ્રેન નીચે પડતું મુકી આત્મહત્યા કરી મોત વ્હાલુ કર્યું હોય તેવું પ્રાથમિક દ્રષ્ટિએ સામે આવ્યું છે. ત્યારે આ ઘટનાં બનતા બોટાદ રેલવેનાં અધિકરી સહિત પોલીસનો કાફલો ઘટનાં સ્થળે પહોંચ્યો હતો. હાલમાં મૃતક કોણ છે અને ક્યાંનાં છે તેમજ ક્યાં કારણોસર મોત થયું તેને લઈ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

**વિશેષ** | **સૂર્ય નમસ્કાર યોગની એક શ્રેષ્ઠ કલા : રોજિંદા જીવનમાં યોગ અપનાવવા સૌને અનુરોધ કરતા મંત્રી ભાનુબેન બાબરીયા**

# સૂર્ય નમસ્કાર મહાઅભિયાનના જિલ્લા-વોર્ડ કક્ષાનો વિજેતા સન્માન સમારોહ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાની અધ્યક્ષતામાં પુનિત વન-ગાંધીનગર ખાતે યોજાયો







। (માહિતી) ગાંધીનગર ।

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માધ્યમથી તા.૧ ડિસેમ્બર થી ૩૧ ડિસેમ્બર સુધી રાજયવ્યાપી સૂર્ય નમસ્કાર મહાઅભિયાનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત યોજાયેલી સ્પર્ધાનો વિજેતા સન્માન સમારોહ આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા યુવા સાંસ્કૃતિક મંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં મોઢેરા સૂર્યમંદિર ખાતે યોજાયો હતો. આ સ્પર્ધાનો ગાંધીનગર જિલ્લા- વોર્ડ કક્ષાનો વિજેતા સન્માન સમારોહ ગાંધીનગરના પુનિત વન ખાતે મહિલા અને બાળવિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં શાળાના બાળકો તથા આંગણવાડીના કાર્યકર બહેનો મોટી સંખ્યામાં સહભાગી થયા હતા.

વિજેતા સહિતના તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, આપણી યોગની સંસ્કૃતિને દુનિયાના અનેક દેશોએ સ્વીકારી છે. રાજ્યમાં યોગાભ્યાસ થકી નાગરિકોને વધુ નિરોગી બનાવવાના નવતર અભિગમ સાથે સૌ પ્રથમવાર ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માધ્યમથી રાજ્યવ્યાપી સૂર્ય નમસ્કાર સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી. જે અંતર્ગત તા.૧ ડિસેમ્બર થી ૩૧ ડિસેમ્બર સુધી સમગ્ર રાજ્યમાં સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. મંત્રીશ્રીએ તમામ નાગરિકો ખાસ કરીને બહેનોને રોજિંદા જીવનમાં યોગ અને વ્યાયામને અપનાવા અનુરોધ કરતા જણાવ્યું હતું કે, યોગ એ આપણા જીવનના પરિવર્તનનું સાધન તથા તંદુરસ્ત જીવન માટેનો શ્રેષ્ઠ ઉપાય છે. સૂર્ય નમસ્કાર એ યોગની એક શ્રેષ્ઠ કલા છે, જે આપણા શરીર, મન અને આત્માને સ્વસ્થ અને પ્રફુલ્લિત બનાવે છે. સૂર્ય નમસ્કાર એ બાર આસનોનો સમન્વય છે, જે સૂર્યને નમન કરે છે. સૂર્યએ જીવનનો સ્રોત છે, જે આપણને ઊર્જા અને પ્રકાશ આપે છે. સૂર્ય નમસ્કાર કરવાથી આપણા શરીરના બધા અંગો વધુ સક્રિય થાય છે, આપણાં રક્તનો પ્રવાહ વધુને વધુ સક્રિય બને છે. આપણી પાચન શક્તિ વધારે છે, આપણી માનસિક શાંતિ અને આત્મવિશ્વાસ વધારે છે. જેનાથી લાંબુ અને સ્વસ્થ જીવન જીવી શકાય છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી શિલ્પાબેન પટેલ, ગાંધીનગર મ્યુન્સિપલ કોર્પોરેશનના નાયબ મુખ્ય કમિશનર શ્રી જે. એન. ભોરણીયા, મદદનીશ મુખ્ય કમિશનર શ્રી અમિત સિંઘાઈ, કોર્પોરેટર શ્રીમતી કૈલાશબેન સુતરીયા, શ્રીમતી હેમાબેન ભટ્ટ તથા શ્રી પદમસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### છેલ્લા ચોવિસ કલાકમાં દેશમાં કોરોનાના ૬૩૬ કેસ નોંધાયા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

દેશમાં કોરોનાના કેસમાં સતત વધારો થતો જઈ રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાનુસાર આજે ફરી ભારતમાં ૬૩૬ નવા કોરોનાના કેસ સામે આવતાં ચિંતા વધી ગઈ છે. ઉલ્લેખનીય છે કે ગત રોજ કોરોનાના ૮૪૧ કેસ સામે આવ્યા હતા પણ એક્ટિવ કેસમાં વધારો હજુ પણ યથાવત્ જ છે. સક્રિય દર્દીઓ વધીને હવે ૪,૩૯૪ થઈ ગયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં ૩ દર્દીઓના કોરોનાને લીધે મૃત્યુ પણ થયા છે. જેમાં બે કેરળમાં અને એક તમિલનાડુમાં નોંધાયો હતો. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૯માં કોરોના મહામારીની શરૂઆત થઈ હતી અને તેને હવે ચાર વર્ષ વીતી ગયા છે પણ તેનું જોખમ હજુ ઘટવાનું નામ લઈ રહ્યું નથી. ચાર વર્ષોમાં દેશભરમાં ૪.૫ કરોડથી વધુ લોકો સંક્રમિત થયા હતા અને ૫.૩ લાખથી વધુ મૃત્યુ થયા. હવે સ્વાસ્થ્ય નિષ્ણાતો તાજેતરના વધતા જતાં સંક્રમણના કેસ માટે કોરોનાના નવા JN.1 વેરિયન્ટને મુખ્ય કારણ માની રહ્યા છે. અભ્યાસમાં તેનો સંક્રામકતા દર વધુ જણાવાયો છે.

### નવા હિટ એન્ડ રનના કાયદાના વિરોધમાં અનેક સ્થળે ચક્કાજામ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

કેન્દ્ર સરકારના નવા હિટ એન્ડ રનના કાયદાનો ટ્રક ચાલકો દ્વારા દેશભરમાં દેખાવ કરવામાં આવી રહ્યો છે. ત્યારે આજે સવારથી જ ટ્રક ચાલક દ્વારા હડતાળ પાડીને અમદાવાદ, રાજકોટ, સુરત, ભરૂચ અને ગીર સોમનાથમાં ભારે વિરોધ કરી રહ્યા છે. ઠેર ઠેર ચક્કાજામ કરવામાં આવ્યો છે, તો ક્યાંક ટાયરો સળગાવ્યાં છે. રાજસ્થાનમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ બસ અને ટ્રક ચાલકોએ રસ્તા પર ટાયરો સળગાવીને દેખાવ કર્યો હતો. સાથે ઉત્તર પ્રદેશના લખીમપુર ખીરીમાં વાહન ચાલકોની આ હડતાળના કારણે મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સંસદના શિયાળુ સત્ર દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકસભામાં હિટ એન્ડ રનના કાયદા અંગે માહિતી આપતા કહ્યું હતું કે, અકસ્માત કરનાર કોઈ વ્યક્તિ ઘટના સ્થળે ભાગી જાય છે અને ઘાયલને વ્યક્તિને રસ્તા પર જ છોડી દે છે.

### સમારોહ માટે રામભક્તોને જ આમંત્રણ અપાયા છે : આચાર્ય



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ઉદ્ધવ ઠાકરેના નિવેદન પર અયોધ્યા રામ મંદિરના મુખ્ય પૂજારીએ નારાજગી વ્યક્ત કરી છે. તેમનું કહેવુ છે કે સમારોહના આમંત્રણ માત્ર રામ ભક્તોને જ મોકલવામાં આવે છે. આ સિવાય તેમણે રાજ્યસભા સાંસદ સંજય રાઉત પર પણ નિશાન સાધ્યુ છે અને રામ ભગવાનના અપમાનના આરોપ લગાવ્યા છે. ઉદ્ધવ ઠાકરેનું કહેવુ હતુ કે તેમને રામ મંદિર ઉદ્ઘાટન સમારોહનું આમંત્રણ મળ્યુ નથી. આમંત્રણ માત્ર તેમને જ મોકલવામાં આવ્યા છે, જેઓ ભગવાન રામના ભક્ત છે. એ કહેવુ સંપૂર્ણપણે ખોટુ છે કે ભાજપ ભગવાન રામના નામ પર લડી રહી છે. આપણા વડાપ્રધાનને દરેક સ્થળે સન્માન મળી રહ્યુ છે. તેમણે પોતાના કાર્યકાળમાં ખૂબ કામ કર્યું છે. આ રાજકારણ નથી. આ તેમનું સમર્પણ છે. આ દરમિયાન તેમણે સંજય રાઉતના નિવેદન પર પણ પ્રશ્ન ઉઠાવ્યા.

---

**૨૦૨૪માં ભારતીય ક્રિકેટ ટીમનો ભરચક કાર્યક્રમ | ભારતીય ટીમને ૩ જાન્યુઆરીના રોજ સાઉથ આફ્રિકા સામે ૨ ટેસ્ટ મેચની સીરિઝની બીજી મેચ રમવાની છે**

# ભારત ટી૨૦ વર્લ્ડ કપ, ૧૫ ટેસ્ટ, ૧૮ ટી૨૦ અને ૩ વન-ડે રમશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ભારતીય ક્રિકેટ ટીમ વર્ષ ૨૦૨૪માં ઈંગ્લેન્ડ ઉપરાંત બાંગ્લાદેશ, ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવી ટીમો સામે પણ રમશે. જો કે અત્યાર સુધી બીસીસીઆઈએ આખું શેડ્યુલ જારી કર્યું નથી. પરંતુ જૂન મહિના સુધી ભારત કઈ ટીમ સામે ક્રિકેટ રમશે તે નક્કી થઈ ચુક્યું છે. હાલ ભારતીય ટીમને ૩ જાન્યુઆરીના રોજ સાઉથ આફ્રિકા સામે ૨ ટેસ્ટ મેચની સીરિઝની બીજી મેચ રમવાની છે. ત્યારબાદ ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામે પોતાની ધરતી પર ૫ ટેસ્ટ મેચની સીરિઝ રમશે. ભારતીય ટીમને ૩ જાન્યુઆરીના રોજ સાઉથ આફ્રિકા સામે ૨ ટેસ્ટ મેચની સીરિઝની બીજી મેચ રમવાની છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ સીરિઝની શરૂઆત ૨૫ જાન્યુઆરીથી થશે. આ સીરિઝની અંતિમ મેચ ૧૧ માર્ચના રોજ રમશે. આ સીરિઝ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ પોઈન્ટ્સ ટેબલની દૃષ્ટિએ ખુબ મહત્વપૂર્ણ છે. આ સીરિઝ પછી આઈપીએલનું આયોજન કરવામાં આવશે. આઈપીએલબાદ ટી૨૦ વર્લ્ડ કપ૨૦૨૪ રમાશે. આ મેગા ઈવેન્ટનું આયોજન અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં કરવામાં આવશે. વર્લ્ડ કપ સિવાય ભારતે આ વર્ષે ઓછામાં ઓછી ૧૨ ટેસ્ટ, ૩ વનડે અને ૯ ટી૨૦ મેચ રમવાની છે. ભારતીય ટીમ ટી૨૦ વર્લ્ડ કપ૨૦૨૪ પછી ઈંગ્લેન્ડ, શ્રીલંકા, બાંગ્લાદેશ, ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સાથે સીરિઝ રમશે. હાલ ભારતીય ક્રિકેટ ટીમ સાઉથ આફ્રિકાના પ્રવાસે છે.



---

**૨૦૨૪ના પ્રથમ દિવસે જ ઓસી. ક્રિકેટરની જાહેરાત**

## ઓસ્ટ્રેલિયન બેટર ડેવિડ વોર્નરની વન-ડે મેચમાંથી પણ નિવૃત્તી લીધી

### સિડનીમાં ૩ જાન્યુઆરીથી ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાન વચ્ચે રમાનાર ટેસ્ટ મેચ વોર્નરના કરિયરની અંતિમ ટેસ્ટ મેચ હશે

। (એજન્સી) મેલબોર્ન, તા.૧ ।

ઓસ્ટ્રેલિયા ક્રિકેટ ટીમના વિસ્ફોટક ઓપનિંગ બેટ્સમેન ડેવિડ વોર્નરે નવા વર્ષના પહેલા જ દિવસે એક મોટું એલાન કર્યું છે. સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર મીડિયા સાથે વાતચીત દરમિયાન તેણે કહ્યું કે તે વનડે ક્રિકેટમાંથી પણ સન્યાસ લઈ રહ્યો છે. જણાવી દઈએ કે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્ત થવાનો નિર્ણય તેણે પહેલા જ લઈ લીધો હતો.



સિડનીમાં ૩ જાન્યુઆરીથી ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાન વચ્ચે રમાનાર ટેસ્ટ મેચ તેના કરિયરની અંતિમ ટેસ્ટ મેચ હશે. ડેવિડ વોર્નરે પહેલા જ એલાન કરી દીધો હતો કે પાકિસ્તાન સામે ત્રણ મેચની ટેસ્ટ સીરિઝ તેના કરિયરની અંતિમ ટેસ્ટ સીરિઝ હશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા તેને આ ટેસ્ટ સીરિઝની અંતિમ ટેસ્ટ મેચમાં ખાસ વિદાય આપ વાની તૈયારી પણ કરી રહ્યું છે. આ દરમિયાન વોર્નરના આજે વન-ડેક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાના એલાનથી ક્રિકેટ જગત ચોંકી ગયું છે. જો કે તેણે એ પણ કહ્યું કે જો તે બે વર્ષમાં ટી૨૦ ક્રિકેટ રમતા ફિટ રહે છે અને ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમને ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં તેની જરૂરત પડશે તો તે વનડે ક્રિકેટમાં વાપસી જરૂર કરશે.

ડેવિડ વોર્નરે કહ્યું, 'હું ચોક્કસપણે વનડે ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છું. વર્લ્ડ કપ દરમિયાન જ મેં આ વિશે વિચાર્યું હતું. આજે મેં નક્કી કર્યું છે કે ક્રિકેટના આ ફોર્મેટને પણ અલવિદા કહેવાનો બાદ મને વિશ્વભરની ટી૨૦ લીગમાં રમવાની તક મળશે. હું જાણું છું કે ચેમ્પિયન્સ ટ્રોફી નજીક છે. જો હું આગામી બે વર્ષમાં સારું ક્રિકેટ રમતો રહીશ અને ઓસ્ટ્રેલિયાને મારી જરૂર પડશે તો હું ઉપલબ્ધ રહીશ.'

---

**રામ મંદિર મુદ્દે રામભદ્રાચાર્ય મહારાજની ટિપ્પણી**

## ઈંદિરા ગાંધીએ મારી આંખનું ઓપરેશન કરાવવા ઓફર કરી હતી : રામભદ્રાચાર્ય

### સંસાર હવે જોવા લાયક નથી રહ્યો જો કઈ જોવા લાયક છે તો તે નીલ-કમળ-શ્યામ-ભગવાન રામ જ છે, એમ કહીને ઓફર ફગાવી

। (એજન્સી) અયોધ્યા, તા.૧ ।

અયોધ્યા રામ મંદિરના અભિષેકની તારીખ ખૂબ નજીક છે. આવી સ્થિતિમાં રામ મંદિર મુદ્દે શ્રી તુલસી પીઠાધીશ્વર જગદગુરુ રામભદ્રાચાર્ય મહારાજે જણાવ્યું હતું કે ૧૯૭૪માં કેવી રીતે ઈન્દિરા ગાંધીએ તેમને તેમની આંખોના ઓપરેશનનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ જગદગુરુએ આ પ્રસ્તાવને ફગાવી દીધો હતો. આ ઉપરાંત તેમને એવું પણ જણાવ્યું હતું કે' 'જે રીતે એક માળી તેણે રોપેલા વૃક્ષમાં ફળ-ફૂલ આવવાની રાહ જોવે છે એવી જ પ્રતીક્ષા હું રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાની કરી રહ્યો છું.' જગદગુરુએ કહ્યું કે, '૭૫ આંદોલન નિષ્ફળ ગયું, પછી કોઈક રીતે ૭૬મું



આંદોલન સફળ થયું. ૬ ઓક્ટોબર ૧૯૮૪ના રોજ, હું, અશોક સિંઘલ, અવૈદ્યનાથ, રામચંદ્ર દાસ પરમહંસ, ગિરિરાજ, નૃત્ય ગોપાલ દાસ હતા. અમે સાથે મળીને આ આંદોલન શરુ કર્યું અને ગામે ગામે તેનો પ્રચાર પ્રસાર કર્યો. એ સમયે કોંગ્રેસનું શાસન હતું, પોલીસનો આકરા ત્રાસ હતો. જેલમાં ગયા. પોલીસ લાઠીઓ સહન કરી. એવામાં પોલીસના એક દંડાએ મારા જમણા કાંડાને ભાંગી નાખ્યું. પરંતુ ભગવાન રામની કૃપાથી સરકારે આ અપમાનનો બદલો લીધો.' તેમણે આગળ કહ્યું, 'મુલાયમ સિંહે કહ્યું હતું કે અહીં એક પક્ષી પણ મારી શકશે નહીં. તે સમયે મુલાયમ સિંહ અને વિશ્વનાથ પ્રતાપ સિંહે જે નરસંહાર આચર્યો હતો તેને આપણે ભૂલી શકીશું નહીં.

કોઠારી બંધુઓનો નાશ થયો. અમારી સામે, એક ૧૮ વર્ષનો અને એક ૨૦ વર્ષનો એમ તેના બંને બાળકોને રૂમમાંથી બહાર કાઢીને મેદાનમાં લાવીને ગોળી મારી દેવામાં આવી. અમે તે બધું સહન કર્યું અને ૬ ડિસેમ્બર, ૧૯૯૨ ના રોજ, અમે ૫ કલાકમાં તે માળખું તોડી પાડ્યું.' જગદગુરુએ કહ્યું કે, 'શાસ્ત્રોનો પક્ષ આગળ આવ્યો ત્યારે જ કેસ શરૂ થયા.

---



કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથસિંહે ઉત્તર પ્રદેશના વૃંદાવન ખાતે સંવિદ ગુરુકુલમ કન્યા સૈનિક શાળાનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

---

**દેશભરમાં નવા વર્ષની ઉલ્લાસભેર ઉજવણી**

## શ્રીનગરના લાલચોકમાં નવા વર્ષને આવકારવા માટે લોકો ઉમટી પડ્યા

### શ્રીનગરના ક્લોક ટાવર ક્ષેત્રમાં આ ખાસ અવસર પર એક મ્યૂઝિક પ્રોગ્રામનું પણ આયોજન કરવામાં આવ્યું



। (એજન્સી) જમ્મુ, તા.૧ ।

સમગ્ર વિશ્વએ નવા વર્ષનું સ્વાગત કર્યું છે. ભારતના દરેક રાજ્યોમાં લોકોએ ઠેક-ઠકાણે આ ખાસ દિવસની ઉજવણી કરી. પરંતુ સૌથી વધુ ચર્ચા જમ્મુ-કાશ્મીરની થઈ રહી છે. પહેલી વખત શ્રીનગરના લાલ ચોક પર નવા વર્ષનું સ્વાગત કરવા માટે લોકો રવિવારે મોડી રાતે ઉમટી પડ્યા હતા. જમ્મુ-કાશ્મીરના પર્યટન વિભાગના શ્રીનગરના ક્લોક ટાવર ક્ષેત્રમાં આ ખાસ અવસર પર એક મ્યૂઝિક પ્રોગ્રામનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારે રાત્રે ૧૨ વાગતા જ ચોક પર ભેગા થયેલા લોકો મ્યૂઝિક પર ડાન્સ કરવા લાગ્યા અને નવા વર્ષની ઉજવણી કરી. સ્થાનિક લોકોની સાથે-સાથે કાશ્મીર ઘાટીમાં આવેલા પર્યટકોએ પણ આ સમારોહમાં ભાગ લીધો. તેઓ અહીં આવીને ખૂબ જ ઉત્સાહિત નજર આવી રહ્યા હતા. ત્યાંના એક સ્થાનિક નાગરિકે જણાવ્યું કે, હું અહીં નવા વર્ષનું સેબિબ્રેશન જોવા માટે આવ્યો છું. અમે આ પ્રકારનું સેલિબ્રેશન પહેલા ક્યારેય નથી જોયું. હું આ બધુ જોઈને ખૂબ જ ખુશ અને ઉત્સાહિત છું. એક અન્ય સ્થાનિક નાગરિકે કહ્યું કે, નવા વર્ષનું સેલિબ્રેશન ચાલી રહ્યું છે અને અહીં પર્યટન દ્વારા એક સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

---

## સેન્સેક્સમાં ૩૨ અને નફ્ટીમાં ૧૦ પીન્ટનો ઊછાળો જોવા મળ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

સોમવારે ભારતીય શેરબજારોમાં વર્ષ ૨૦૨૪નું પ્રથમ ટ્રેડિંગ સત્ર મિશ્ર રહ્યું હતું અને અંતે નિફ્ટી સપાટ સ્તરે બંધ રહ્યો હતો, જ્યારે સેન્સેક્સ નજીવા વધારા સાથે બંધ થયો હતો. માર્કેટમાં છેલ્લો અડધો કલાક અસ્થિર રહ્યો હતો અને બીએસઈ સેન્સેક્સ ૩૨ પોઈન્ટના ઉછાળા સાથે ૭૨૨૭૩ પર બંધ થયો હતો, જ્યારે એનએસઈનિફ્ટી ૧૦ પોઈન્ટના ઉછાળા સાથે ૨૧૭૪૨ પર બંધ રહ્યો હતો. આ પહેલા સેન્સેક્સ અને નિફ્ટીએ પોતાની નવી ઓલ ટાઈમ હાઈ બનાવી હતી. જોકે, ટ્રેડિંગની છેલ્લી ૩૦ મિનિટમાં બજાર ઊંચા સ્તરોથી સરકી ગયું હતું. સેન્સેક્સે આજે તેની નવી ઓલ ટાઈમ હાઈ ૭૨૫૬૨ની સપાટી બનાવી છે. જ્યારે નિફ્ટીએ પણ તેની નવી ઓલ ટાઈમ હાઈ ૨૧૮૩૪ બનાવી છે. પરંતુ બજાર આ સ્તરને જાળવી શક્યું નહીં અને દિવસની છેલ્લી ૧૫ મિનિટમાં ઘટ્યું. આજે બજારની શરૂઆત સપાટ રહી હતી અને નિફ્ટી ૨૧૬૯૫ અને ૨૧૭૫૫ની રેન્જમાં આગળ વધતો રહ્યો હતો. બપોરે ૨ વાગ્યે નિફ્ટીએ ૨૧૭૬૦ની રેન્જ તોડીને સારી ઉપરની ચાલ કરી હતી. નિફ્ટીએ ૨૧૮૩૪ ની ઊંચી સપાટી બનાવી છે. બપોરે ૩ વાગ્યે નિફ્ટી ૧૦૦ પોઈન્ટથી વધુ ઉછળી હતી. અહીંથી વેચવાલીનું દબાણ સર્જાયું હતું અને નિફ્ટીએ બેક ટુ બેક લાલ મીણબત્તીઓ બનાવી હતી. સેન્સેક્સની પણ આવી જ હાલત હતી. આ સમયગાળા દરમિયાન, એવા ઘણા શેરો હતા જેમણે તેમનો પ્રારંભિક લાભ ગુમાવ્યો હતો. નેસ્લે ઈન્ડિયા લગભગ ૩ ટકા વધીને બંધ થયા, જ્યારે અદાણી એન્ટરપ્રાઈઝ ૧.૯૦ ટકા, અદાણી પોર્ટ ૧.૬૦ ટકા, ટેક મહિન્દ્રા ૧.૫૦ ટકા અને કોલ ઈન્ડિયા ૧.૫૪ ટકા વધીને બંધ થયા.

જ્યારે આઈશર મોટર્સ ૨.૫૩ ટકા, ભારતી એરટેલ ૧.૮૫ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૧.૫૦ ટકા, બજાજ ઓટો ૧.૪૧ ટકા ઘટીને બંધ થયા હતા. બેંકિંગ સેક્ટરમાં ૦.૪૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે ઓટો સેક્ટરમાં પણ આજે ૦.૨૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

---

**નવા વર્ષે કોંગ્રેસનાં નેતાએ શુભકામના પાઠવી**

## પ્રિયંકા ગાંધીએ ગાઝામાં માર્યા ગયેલાઓનો ઉલ્લેખ કર્યો

### નવા વર્ષની ઉજવણી થઈ રહી છે ત્યારે ગાઝામાં બાળકોની ક્રૂરતા પૂર્વક હત્યા કરવામાં આવી રહી છે : પ્રિયંકા ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

૨૦૨૩ના અંતિમ દિવસે દેશભરમાં લોકોએ જશ્ન મનાવીને નવા વર્ષ ૨૦૨૪નું સ્વાગત કર્યું. આ અવસર પર એક બીજાને શુભકામના મેસેજ પણ આપવામાં આવી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ દેશવાસીઓને શુભકામના સંદેશ આપ્યો પરંતુ તેમના મેસેજમાં ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં ગાઝાની અંદર માર્યા ગયેલા લોકોને પણ ઉલ્લેખ છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સપર આપવામાં આવેલા મેસેજમાં કોંગ્રેસ નેતાએ લખ્યું કે, જેવી રીતે આપ ણે નવા વર્ષની ઉજવણી કરીએ છીએ અને એકબીજાને શુભકામના પાઠવીએ છીએ કે, આપણા જીવનમાં પ્રેમ, શાંતિ, ખુશી અને ભલાઈ ભરી રહે. તો આવો આપણે ગાઝામાં આપણા ભાઈઓ અને બહેનોને યાદ કરીએ જેઓ પોતાના જીવન, સમ્માન અને સ્વતંત્રતાના અધિકાર પર સૌથી અન્યાય પૂર્ણ અને અમાનવીય હુમલાનો સામનો કરી રહ્યા છે. પ્રિયંકા ગાંધીએ પોતાના મેસેજમાં આગળ લખ્યું કે, એક તરફ આપણા બાળકો નવા વર્ષની ઉજવણી કરી રહ્યા છે ત્યારે બીજી તરફ ગાઝામાં બાળકોની ક્રૂરતા પૂર્વક હત્યા કરવામાં આવી રહી છે. દુનિયાના કહેવાતા નેતાઓ મૌન રહીને આ બધુ જોઈ રહ્યા છે.

---

**જમીન પર અતિક્રમણની વધતી ઘટના પર રોક માટે પ્રયાસ**

## ઉત્તરાખંડમાં બહારના લોકો હવે જમીન નહીં ખરીદી શકે

### જિલ્લા મેજિસ્ટ્રેટની મંજૂરીથી મળતી કૃષિ અને બાગાયતની જમીન ખરીદવા આપવામાં આવેલી છૂટ પર રોક લગાવાઈ

। (એજન્સી) દેહરાદૂન, તા.૧ ।

ઉત્તરાખંડમાં હવે રાજ્યની બહારના લોકો ખેતી અથવા બાગાયતના નામ પર જમીન નહીં ખરીદી શકશે. ઉત્તરાખંડમાં જમીન પર અતિક્રમણની વધતી ઘટનાઓ પર રોક લગાવવા માટે ધામી સરકારે રવિવારે મોટો નિર્ણય લીધો છે. સરકારે લેન્ડ લો ડ્રાફ્ટિંગ કમિટીના અહેવાલ અથવા આગળનો આદેશો ન આવે ત્યાં સુધી બહારના લોકોને જિલ્લા મેજિસ્ટ્રેટની મંજૂરીથી મળતી કૃષિ અને બાગાયતની જમીન ખરીદવા માટે આપવામાં આવેલી છૂટ પર રોક લગાવી દીધી છે.

રાજ્ય બહારના લોકો ઉત્તરાખંડમાં ડીએમ સ્તરે મંજૂરી લઈને ખેતી અને બાગાયતના નામે અંધાધૂંધ જમીન ખરીદી રહ્યા હતા. હવે સરકારે તેના પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવાનો નિર્ણય લીધો છે. રવિવારે મુખ્યમંત્રી આવાસ પર મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ઉત્તરાખંડ માટે નવો જમીન કાયદો તૈયાર કરવા માટે સરકારે ડ્રાફ્ટિંગ કમિટીનું ગઠન કર્યું છે. બેઠકમાં નક્કી કરવામાં આવ્યું કે, ઉત્તરાખંડમાં રાજ્ય બહારના લોકોને ખેતી અને બાગાયત માટે જમીન ખરીદવાની મંજૂરી ૨૦૦૪માં કોંગ્રેસ સરકારમાં મળી હતી.

## તંત્રી લેખ...

# નવા વર્ષની વિધિઓ સાથે સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક ઉજવણીઓ

ઘણા લોકો નવા વર્ષને ધાર્મિક વિધિઓ સાથે ચિહ્નિત કરે છે, ઉદાહરણ તરીકે, રોશ હશાના પર. બૌદ્ધ સાધુઓને દિવસે ભેટો આપવામાં આવે છે, અને હિન્દુઓ દેવતાઓને અર્પણ કરે છે. જાપાનમાં કેટલીકવાર શિંટો દેવતાઓના મંદિરો અથવા બૌદ્ધ મંદિરોની મુલાકાત લેવામાં આવે છે. ચાઈનીઝ હર્થ અને સંપત્તિના દેવતાઓ અને પૂર્વજોને અર્પણ કરે છે. નવા વર્ષનો તહેવાર, વિશ્વભરમાં કોઈપણ સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક ઉજવણીઓ કે જે નવા વર્ષની શરૂઆતની ઉજવણી કરે છે. આવા તહેવારો સૌથી જૂના અને સૌથી વધુ સાર્વત્રિક રીતે જોવામાં આવતા તહેવારોમાંના છે. ન્યૂ યર ફેસ્ટિવલનો સૌથી પહેલો જાણીતો રેકોર્ડ મેસોપોટેમિયામાં આશરે ૨૦૦૦ બીસીઈનો છે, જ્યાં બેબીલોનીયામાં નવું વર્ષ (અકિતુ) વસંત સમપ્રકાશીય (મધ્ય માર્ચ) પછી નવા ચંદ્ર સાથે શરૂ થયું હતું અને એસિરિયામાં પાનખરની નજીકના નવા ચંદ્ર સાથે. સમપ્રકાશીય (મધ્ય સપ્ટેમ્બર). ઈજિપ્તવાસીઓ, ફોનિશિયનો અને પર્સિયનો માટે વર્ષ પાનખર સમપ્રકાશીય (સપ્ટેમ્બર ૨૧) સાથે શરૂ થયું હતું, અને પ્રારંભિક ગ્રીક લોકો માટે તે શિયાળાના અયન (૨૧ ડિસેમ્બર) સાથે શરૂ થયું હતું. રોમન રિપબ્લિકન કેલેન્ડર પર વર્ષ ૧ માર્ચથી શરૂ થયું હતું, પરંતુ ૧૫૩ બીસીઈ પછી સત્તાવાર તારીખ ૧ જાન્યુઆરી હતી, જે ૪૬ બીસીઈના જુલિયન કેલેન્ડરમાં ચાલુ રાખવામાં આવી હતી. પ્રારંભિક મધ્યયુગીન સમયમાં મોટાભાગના ખ્રિસ્તી યુરોપ ૨૫ માર્ચ, ઘોષણાના તહેવારને નવા વર્ષની શરૂઆત તરીકે માનતા હતા, જોકે એંગ્લો-સેક્સન ઈંગ્લેન્ડમાં નવા વર્ષનો દિવસ ૨૫ ડિસેમ્બરે મનાવવામાં આવ્યો હતો. વિલિયમ ધ કોક્કરરે ફરમાવ્યું કે વર્ષ ૧ જાન્યુઆરીથી શરૂ થાય છે, પરંતુ ઈંગ્લેન્ડ પાછળથી બાકીના ખ્રિસ્તી જગતમાં જોડાયું અને ૨૫ માર્ચ અપનાવ્યું. રોમન કેથોલિક ચર્ચ દ્વારા ૧૫૮૨માં અપનાવવામાં આવેલ ગ્રેગોરિયન કેલેન્ડર, ૧ જાન્યુઆરીને નવા વર્ષના દિવસ તરીકે પુનઃસ્થાપિત કરવામાં આવ્યું અને મોટાભાગના યુરોપિયન દેશોમાં ધીમે ધીમે અનુકરણ કર્યું: સ્કોટ-લેન્ડ, ૧૬૬૦ માં; જર્મની અને ડેનમાર્ક, લગભગ ૧૭૦૦; ઈંગ્લેન્ડ, ૧૭૫૨માં; અને રશિયા, ૧૯૧૮ માં. એવી માન્યતાને કારણે કે વ્યક્તિ વર્ષના પ્રથમ દિવસે શું કરે છે તે આગાહી કરે છે કે તે બાકીના વર્ષ માટે શું કરશે, મિત્રો અને સંબંધીઓના મેળાવડા લાંબા સમયથી નોંધપાત્ર છે. થ્રેશોલ્ડને પાર કરનાર પ્રથમ અતિથિ અથવા ‘‘પ્રથમ પગ‘‘ નોંધપાત્ર છે અને જો યોગ્ય ભૌતિક પ્રકારનો હોય, જે સ્થાન સાથે બદલાય છે, તો તે સારા નસીબ લાવી શકે છે. ન્યૂ યોર્ક સિટીમાં ટાઈમ્સ સ્ક્વેર અથવા લંડનના ટ્રફાલ્ગર સ્ક્વેરની જેમ જાહેર મેળાવડાઓ, મોટી સંખ્યામાં ભીડ ખેંચે છે અને ટાઈમ્સ સ્ક્વેરમાં ઈલેક્ટ્રોનિક બોલ પડવાની ગણતરી એ ચોક્કસ ક્ષણને દર્શાવવા માટે કે જે સમયે નવું વર્ષ શરૂ થાય છે તે વિશ્વભરમાં ટેલિવિઝન પર પ્રસારિત થાય છે. પ્રથમ રોઝ બાઉલ ગેમ ૧ જાન્યુઆરી, ૧૯૦૨ના રોજ કેલિફોર્નિયાના પાસાડેનામાં રમાઈ હતી અને કોલેજ ફૂટબોલ ગેમ્સ નવા વર્ષના દિવસે અમેરિકન ટેલિવિઝન પર પ્રભુત્વ જમાવી રહી છે.

## એક વર્ષમાં બોલીવુડ વધુ એક વખત ૧૦૦ ફિલ્મો રજૂ કરવા તૈયાર

વર્ષ ૨૦૨૩ની વિદાય થઈ ગઈ, ડંકીમાંથી જેટલું પાણી કાઢી શકાય એટલું બૉલીવુડ હસ્તીઓએ કાઢી લીધું, અને એની અબજો રૃપિયાની કમાણી કર્યાની વાતો સતત ચર્ચાતી જ રહેશે. એ સાથે વર્ષ ૨૦૨૩માં ગુજરાતી ફિલ્મોએ પોતાનો સારી સંખ્યાનો આંકડો જાળવી રાખ્યો અને ગત વર્ષ ૨૦૨૩માં ૯૨ ફિલ્મો રજૂ કરી, જે આગલા વર્ષ ૨૦૨૨ના ૧૦૨ના આંકડા કરતાં ૧૦ ઓછી છે. વર્ષ ૨૦૨૩માં બૉલીવુડ ફિલ્મ મેકરોએ પોતાનું સ્થાન પાછું મેળવી સાઉથની ફિલ્મોની રજુઆતની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો કર્યો, અને અંગ્રેજી ફિલ્મોની આવક અને ચર્ચા ઓછી કરવામાં મુંબઈનું બૉલીવુડ ખાસ્સુ સફળ રહ્યું. સૌ જાણે છે તેમ શાહરુખ ખાનએ વર્ષમાં ૩ ફિલ્મો આપી અને ત્રણેય માત્ર ૧૦૦ કરોડ જ નહીં, પણ બાહુબલીના ૫૦૦ કરોડની આવકને પાર કરી ગઈ એ રેકોર્ડ કરતાં પણ વધુ ગૌરવની વાત તો એ છે કે બાહુબલી એક જ ફિલ્મને મોટી આવક સામે શાહરુખ ખાને બેક ટુ બેક ત્રણ સુપર હિટ ફિલ્મો આપી, સૌને ફરીથી ઝૂમતા કરી દીધા!! એટલે હવે સૌને હેપ્પી ન્યુ ઈયર કહી, વર્ષ ૨૦૨૪ની વાતો શરૃ કરીએ. જેના પ્રથમ જાન્યુઆરી માસના ૪ શુક્રવારએ ૧૨થી વધુ ફિલ્મો રજૂ થવાની વાત છે. તા. ૫ જાન્યુઆરીએ તૌબા તેરા જલવા, ફાયર ઓફ લવ : રેડ અને લેથાલ ટ્રીપ છે. પછી ૧૧ જાન્યુઆરીએ ધ ડિપ્લોમેટ તા. ૧૨ જાન્યુઆરીએ કલકી ૨૮૯૮ એડી, મેરી ક્રિસમસ, રુસલાન, દશમી અને હનુમાન ફિલ્મો આવશે. ઉતરાયણની રજાનો લાભ લેવા તા. ૧૩ જાન્યુઆરીએ સૈંધવ ફિલ્મ બાદ તા. ૧૪ જાન્યુઆરીએ મૈ અટલ હૂં અને ૨૫ જાન્યુઆરીએ મોટા બજેટની ફાઈટર ફિલ્મ આવી રહી છે. આ તમામ ફિલ્મો પૈકી દીપિકા અને રિતિકની ફાઈટર ફિલ્મ દ્વારા વધુ પ્રચાર કરવામાં આવી રહ્યો છે. બીજી જે ફિલ્મની ખુબ ચર્ચા છે, તેમાં અંધાધૂન અફલાતૂન શ્રીરામ રાઘવન એ ‘મેરી ક્રિસમસ‘ નામથી બે ફિલ્મ બનાવી છે! એક હિન્દી છે, જેમાં વિજય સેતુપથિ - કેટરીના કૈફ - ચાઈલ્ડ ઍક્ટર તથા અન્ય પાત્રો છે. વિજયનું સાઉથમાં નામ છે. માટે ડબ્ડ કરવાના બદલે તમિળમાં અલગ ફિલ્મ બનાવવાનું વિચાર્યું. બંને જૂદા વર્ઝન છે. બીજી ફિલ્મ તમિળ છે, જેમાં વિજય - કેટ - ચાઈલ્ડ ઍક્ટર ઉપરાંત અન્ય પાત્રો પણ છે. જે જૂદા છે. બંને ફિલ્મ શૂટ થઈ છે. ડબ્ડ નથી, અલાયદી છે. શ્રીરામ રાઘવન ખુદ તમિલિયન છે. એ નાતે એમનેય તે ટ્રાય કરવી હતી તમિળ ફિલ્મની! કૅટરીના કૅફ અને સેતુપતિની ફિલ્મ ‘વિજય ક્રિસમસ‘ ના ટાઈટલ ટ્રેકના ઑડિયો સોન્ગ ક્રિસમસના દિવસે રિલીઝ કરવામાં આવ્યું છે. આ ગીતો એશ કિંગ ને ગાય છે અને ગીતો ગાના પ્રીતમને આપ્યો છે. આ ગીતના લિરિક્સ શેર કરતી વખતે આશુતોષ ગાંગુલીએ કેપ્શનમાં લખ્યું છે - ‘ધ પરફેક્ટ મેરી ક્રિસમસ ગીત અહીં છે. આ ફિલ્મ ૧૨ જાન્યુઆરીએ રિલીઝ થઈ રહી છે. હાલમાં ચાહકોને ‘મેરી ક્રિસમસ‘નું ટાઈટલ ટ્રેક પસંદ આવી રહ્યું છે. એ રીતે ફિલ્મ માટે આકર્ષણ ઉભું થયું છે. પણ બીજી કોઈ મોટી ચર્ચા નથી. એ રીતે હવે લવ - વેલેન્ટાઈન મંથ ફેબ્રુઆરી માટે વાત કરીએ તો તા. ૨ ફેબ્રુઆરીએ સેકશન ૧૦૮, તા. ૦૯ ફેબ્રુઆરીએ આઝાદ, તા. ૧૬ ફેબ્રુઆરીએ લવ સેક્સ ઔર ધોખા ૨, સ્ટાર્ટપ, ઓપેરશન વેલેન્ટાઈન નામથી હિન્દી ફિલ્મો આવશે. તા. ૨૩ ફેબ્રુઆરીએ ક્રેક - જીતેગા... તો જીયેગા અને મેરે મેહબૂબ મેરે સનમ ફિલ્મોના નામ જાહેર થયા છે. આ યાદીમાં હવે માર્ચ મહિનો ઉમેરીએ તો તા. ૦૧ માર્ચ મેરે હસબન્ડ કી બીવી અને લાપતા લેડીસ બાદ મહિલાદિન તા. ૦૮ માર્ચએ ડબલ ઈસ્માર્ટ ફિલ્મો આવશે. તા. ૧૫ માર્ચ યોદ્ધા માટે નક્કી થયું છે, તા. ૨૨ માર્ચથી ધ ક્રુ અને તા. મેટ્રો... ઈન દીનો તથા ૨૯ માર્ચએ મુંજ્યા નામની ફિલ્મો રજૂ થનાર છે.

# ચાલો આપણે નવ વર્ષમાં સંકલ્પ લઈએ કે પ્રકૃતિ સંવર્ધન, સંસ્કૃતિ સંરક્ષણ અને સમાજ વ્યવસ્થા માટે પ્રયત્ન કરીશું



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે મંગળવાર એટલે ચિંતનનો દિવસ. ચિંતામાંથી જ ચિંતનનો જન્મ થાય ! અને વારંવારની આવતી આ કુદરતી આપત્તિ જોઈને એવું લાગે છે કે પ્રકૃતિ એ બંડ પોકાર્યુ છે, ત્યારે સમયસર ચિંતન કરવું જ રહ્યું. પ્રકૃતિમા દિવસે ને દિવસે વિષમતા ઓ વધતી જ જવાની છે, અને એમાં આપણે આપણું અસ્તિત્વ ટકાવી રાખવાનું છે. બહુ પહેલા ચિંતનમાં એકવાર વાવાઝોડા વખતે કદાચ લખ્યું હતું કે બગીચાના લગભગ બધા વૃક્ષો ઢળી પડ્યા પણ ઉંચાં ઉંચા વૃક્ષો બચી ગયા! એ હવાનો મોડ જે તરફ હતો એ તરફ નમી ગયાં, એટલે પોતાનું અસ્તિત્વ બચાવી શક્યા! આપણે પણ આપણું અસ્તિત્વ બચાવવું હોય તો હવાના રુખ તરફ નમવું પડે, અથવા હવાના રુખને આપણી તરફ મોડવો પડે! આપણે પાટલી બદલુંની જેમ હવા જે તરફ હોય એમ બહુ જીવ્યાં, પણ હવે હવાનો રુખ બદલવો પડશે, એટલે કે જે સાચું છે! જે આપણી સંસ્કૃતિ છે! જે આપણા અમુલ્ય સંસ્કાર છે! એ મુજબ જીવીએ તો કદાચ દુનિયાના કોઈ વાવાઝોડા આપણને મિટાવી શકે નહીં. બસ ત્રણ ચાર ડગલાં જેટલું ચાલવાનું છે, એટલે કે ત્રણચાર નિયમો આપણી અને સમાજની ભલાઈ માટે દરેકે લેવાનાં છે. વૈશ્વિક શાંતિ માટે પ્રકૃતિના સંવર્ધનની જવાબદારી સ્વીકારવાની છે. રાષ્ટ્રની સુરક્ષા માટે સનાતન સંસ્કૃતિનાં અમુલ્ય સંસ્કારોની હિફાજતની જવાબદારી સ્વીકારવાની છે, અને સમાજ વ્યવસ્થા માટે વર્ગ ભેદ કે વર્ણ ભેદ ભૂલીને એકજૂટ થઈને રહીશું એવી છેક છેવાડાના માનવી સુધીની સંવેદના દાખવવાની જવાબદારી સ્વીકારવાની છે. જો દરેકે દરેક સંમત થાય તો બહુ નાનાં ફેરફારો પણ ઘણું મોટું પરિણામ આપી શકે. પ્રકૃતિ સંવર્ધન હવા, જળ, સૂર્ય વન અને ભૂમિ એનાં વગર આપણું અસ્તિત્વ બચી શકે નહીં ,માટે પ્રકૃતિના આ પાંચેય અંગોની દેખરેખ આપણે કરવી જોઈએ.

પણ એ આપણાથી થયું નહીં એટલે એમાં પ્રદૂષણ ભળતું ગયું, અને આજે આ દુર્દશા થઈ. વનની વાત કરીએ તો વિકાસના નામે જંગલો ના જંગલ કપાયા અને ઓક્સિજન ની કમી થઈ. વરસાદનું અનિયમિત થવું અને હવે તો ઠંડા પ્રદેશોમાં પણ ગરમી વધતા જંગલોમાં આગ! પાણીનો બગાડ થાય નહીં, તેમજ નદી તળાવ સમુદ્રનું પાણી બગડે નહીં, એનું પણ ધ્યાન રાખવું. કચરો ગમે ત્યાં નાખવો નહીં, અને કચરો કોહવાઈ ન જાય એનું ધ્યાન પણ રાખવું. હવા ને શુદ્ધ રાખવા ફળિયામાં છોડ કે વૃક્ષનો ઉછેર કરવો, યજ્ઞ કરવો, અથવા દીપક માં ઘી અને કપૂર નાખીને પ્રજ્વલિત કરવો. ઘરમાં તુલસીનો છોડ રાખવો ઘર આસપાસ કે સોસાયટીમાં વડ પીપળો અને લીમડા ના વૃક્ષ ઉછેરવા.

પેટ્રોલ ડીઝલની શુદ્ધતા પર ધ્યાન આપવું, અને એનો ઉપયોગ સિમિત થાય એ પણ જરૂરી છે. સૌર ઊર્જાનો દરેક ક્ષેત્રમાં વધુ ને વધુ ઉપયોગ થાય એ જરૂરી છે, અને એનાથી વીજળીનો બચાવ થશે, અને ઉપરથી એ ગરમી ધરતીમાં જતા અટકશે, અને પ્લેટનું કંપન એટલે કે ધરતીકંપ રોકી શકાય. આ ઉપરાંત વધુ વૃક્ષ હોય તો સૌર ઊર્જા પ્રકાશ સંશ્લેષણની ક્રિયામાં વપરાય, અને વધુ ને વધુ ઉપજ પ્રાપ્ત થાય. આ ઉપરાંત સૂર્ય ને સવિતા દેવ કહે છે એટલે વ્યક્તિગત રીતે પણ જાગૃત ઉર્જા કેન્દ્ર હોવાથી એનાથી તેજસ્વી જીવન બને છે. ખેડૂત ઓછામાં ઓછાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવા વગર પાક લઈ અને વ્યાજબી કિંમતે વેચે. આ ઉપરાંત મોટી મોટી ઈમારત બને ત્યારે સીમેન્ટ વાળું પાણી કે કેમિકલ વાળું પાણી એસિડ વગેરે ગમે ત્યાં ફેંકવું નહીં. સંસ્કૃતિનું રક્ષણ સમાજનાં દરેક વ્યક્તિનાં સાનુકૂળ ને સામાન્ય સંસ્કારથી સંસ્કૃતિ બને છે, અને આપણી સંસ્કૃતિ ચાર મુખ્ય સંસ્કાર પર ઉભી છે. માતૃદેવો ભવઃ પિતૃ દેવો ભવઃ આચાર્ય દેવો ભવઃ અને અતિથી દેવો ભવઃ પર ઉભી છે. તો દરેકે દરેક જણાં આ સંસ્કાર નિભાવે તો આપણી સંસ્કૃતિ નું જતન થાય! અને એવું પણ નથી કે લોકો આ ચાર સંસ્કાર નિભાવતા નથી, 40/% ઉપર જેટલાં લોકો આ સંસ્કાર નિભાવે છે, પણ પોતાની માતા ને જ માતા માને! એની ઉંમરની દરેક મહિલાને એટલું માન સન્માન જ્યારે સમાજનો દરેક વ્યક્તિ આપે એ જ રીતે પોતાના પિતા પોતાના આચાર્ય અને દરેક અતિથી ને સન્માન આપવું જોઈએ! પણ એવું થતું નથી, આપણી વિનમ્રતા પળવારમાં વ્યક્તિ બદલાતા બદલાઈ જાય છે, અને સંબંધોમાં પણ સ્વાર્થને કારણે સરખી મીઠાશ રહેતી નથી! બસ આવાં નાનાં વ્યવહાર વખતે જાગૃતિ રાખવાની છે, કે એ મારી માતા નહીં તો કંઈ નહીં બીજા કોઈની માતા તો છે જ! બસ આવો વિચાર જ તૂટતી સંસ્કૃતિ ને બચાવી શકે છે! સોશ્યલ મીડિયા પર સ્ત્રીને લઈને ફરતી ગંદી જોકસ બધા આનંદ લઈ ને એકથી બીજા ગૃપમાં ફોરવર્ડ કરતાં હોય છે, આ બધું બંધ થવું જોઈએ! એ જેવી છે તેવી એ ન હોત તો આજે એકપણ પુરુષ ન હોત ! એ સત્ય છે. એટલે રંગ રુપ કે કદ કાઠીને લઈ ને સ્ત્રી કે પુરુષ કે પછી અન્ય વર્ગ કે વર્ણ પર થતી ગંદી ટિપ્પણી એ આપણી સંસ્કૃતિ નથી. સમાજ વ્યવસ્થા વર્ણની રીતે અને વર્ગની રીતે સમાજમાં સદીઓથી અસમાનતા રહી છે, અને એને કારણે સમાજ વ્યવસ્થામાં સ્થિરતા નથી આવતી. આજકાલ તો હવે જરુરિયાત વધી ગઈ, હોવાથી કંઈક ન મળે એટલે એ મેળવવા કેટલીય તરકીબ થતી હોય છે. પરંતુ પહેલાં આવું નહોતું, અને ત્યારે એટલે જ જેની જરૂરિયાત કે માંગ પૂરી ન થાય તે બહારવટું કરતાં! એટલે કે સમાજની અસમાનતા સામે પોકારેલુ બંડ, અને આપણે સૌ જાણીએ છીએ કે મોટેભાગે શેઠિયા વગેરેના ઘરે ધાડ પાડતા અથવા રસ્તામાં લૂંટ ચલાવતા હતા. તો વધતા જતા ક્રાઈમને રોકવા આપણે આપણી જરૂરિયાત ઓછી કરીને એટલે કે બાપુ કહે છે, એમ ‘‘લીવિંગ વીથ લેસ‘‘ નું સૂત્ર જેટલું સ્વીકારી શકાય, એટલું સ્વીકારીને જીવવું અને બીજા માટે વિચારવું અને એમાં પણ એવાં વર્ગ માટે કે જેનો કોઈ હાથ પકડવા વાળું ન્હોય! એનો બેલી થઈ ઉભા રહેવાથી એને એવો અહેસાસ થાય કે, ના આપણું પણ કોઈ છે!


જે અહેસાસ એને વિદ્રોહ એટલે કે ક્રાઈમ કરતાં રોકે. દરેકે દરેક ને પ્રાથમિક જરૂરિયાત મુજબ રોટી કપડાં અને મકાન મળી રહે, આ ઉપરાંત બદલાતા સમયમાં દરેકને વિજળી પાણી, રાંધણગેસ ,શિક્ષણ, ટેકનોલોજીની સુવિધા મળી રહે એ બહુ જ જરૂરી છે, અને તો જ સમાજ વ્યવસ્થા જળવાઈ રહે, અને આમ જુવો તો આ જ છે રામરાજ્યની અવધારણા. તો બસ રામરાજ્યની વાતો બહુ કરી, અને સાંભળો અને સમજો! કે આયોધ્યામાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ એ ખરેખર એક ઐતિહાસિક ઘટના છે, પણ માત્ર એ ઘટના ઘટવાથી રામરાજ્ય સ્થપાય નહીં! એની માટે આપણે દરેકે જ રામ જેવું ચરિત્ર આત્મસાત કરવું પડે! અને જ્યારે એવું થશે ત્યારે રામરાજ્ય જરૂર સ્થપાશે. સમાજ દર્શનનાં લેખમાં ઉલ્લેખ કર્યો હતો, એમ સ્વયં શિસ્તનો મંત્ર એ જ એક ઉપાય છે. આધ્યાત્મમાં વિચાર ને જ મંત્ર કહેવાય છે, અને એમાં પણ સ્વયં શિસ્તનો વિચાર એ આત્મ કલ્યાણ, અને લોક કલ્યાણ બંને માટે કામિયાબ બને એમ છે. તો આપણે પણ આ મંત્રનો પ્રયોગ કરીને માત્ર આયોધ્યામાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા નહીં ઘટ ઘટમાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા થાય, અને રામરાજ્યની સ્થાપના થાય એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# આજે તો લોકો ધર્મને મોટો માનતા નથી, ધનને મોટું માને છે, પણ માનવજીવનમાં ધન મુખ્ય નથી, ધર્મ મુખ્ય છે



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા



આ જીવ સર્વ પ્રકારે સુખી થાય એ યોગ્ય નથી.એકાદ દુઃખ તો મનુષ્ય ના હૃદયમાં હોવું જ જોઈએ. કારણ કે દુઃખમાં જ ખાતરી થાય છે કે, ભગવાન વિના મારું કોઈ નથી. દરેક મહાન પુરુષ ઉપર દુઃખો આવ્યાં છે. પરમાત્માએ વિચાર્યું કે, પાંડવોને પૃથ્વીનું રાજ્ય મળ્યું છે, સંતતિ છે અને સંપત્તિ પણ પુષ્કળ છે. પાંડવોને આ સુખમાં કદાચ અભિમાન થશે તો તેમનું પતન થશે. આવા શુભ હેતુ માટે ઠાકોર જી કોઈ વખત નિષ્ઠુર બની જાય છે. સુખમાં પાંડવો સાનભાન ન ભૂલે તેથી આ દુઃખ પ્રભુએ આપ્યું. ભગવાન જીવને ગુપ્ત રીતે દુઃખમાં મદદ કરે છે. તમે પણ પ્રભુ પાસે એકાદ દુઃખ તો માગજો. તે પછી અશ્વત્થામા અને અર્જુનનું યુદ્ધ થાય છે. અર્જુને અશ્વત્થામા ને મારવાની પ્રતિજ્ઞા કરેલી છે, પણ મારવાની હિંમત નથી, ગુરુપુત્ર ગુરુનું સ્વરૂપ છે. અશ્વત્થામાને બાંધી અર્જુન તેને ખેંચીને દ્રૌપદી પાસે લાવ્યો. દ્રૌપદી આંગણામાં બેઠેલાં છે. પુત્રશોકથી રડે છે. અશ્વત્થામાની આ સ્થિતિ જોઈ દ્રૌપદી દોડયાં આવે છે, ને અશ્વત્થામાને વંદન કરે છે. કહે છે, મારા આંગણે બ્રાહ્મણનું અપમાન ન કરો. પોતાના પાંચે બાળકોને મારનારને દ્રૌપદી વંદન કરે છે. આ સાધારણ વેરી નથી.

પાંચ બાળકોને મારનારો વેરી આંગણે આવ્યો છે, છતાં તેને બ્રાહ્મણ માની દ્રૌપદી પ્રણામ કરે છે. તમારો વેરી તમારે આંગણે આવ્યો હોય તો તમે જય શ્રીકૃષ્ણ કહેશો? વેરની શાંતિ નિર્વેરથી થાય છે, પ્રેમથી થાય છે, વંદનથી થાય છે. વૈષ્ણવ એ કે જે વેરનો બદલો પ્રેમથી આપે છે. જય શ્રીકૃષ્ણ કહેવાનો એ અર્થ છે કે, મને જે દેખાય તે શ્રીકૃષ્ણમય છે. અશ્વત્થામા વિચારે છે, ખરેખર દ્રૌપદી વંદનીય છે. હું વંદનીય નથી. અશ્વત્થામા કહે છે, દ્રૌપદી, લોકો જે તારાં વખાણ કરે છે તે ઓછાં છે. તું વેરનો બદલો પ્રેમથી આપે છે, ધન્ય છે તને! જેનો સ્વભાવ અતિ સુંદર તે ભગવાનને વહાલો લાગે છે. શરીર જેનું સુંદર છે તે ઠાકોરજીને સર્વદા ગમતો નથી, પણ જેનો સ્વભાવ સુંદર છે તે ઠાકોરજીને સર્વદા ગમે છે. સ્વભાવ સુંદર ક્યારે બને? અપકારનો બદલો ઉપકારથી આપે ત્યારે.. દ્રૌપદી બોલી ઊઠે છે, તેને છોડી દ્યો. મારશો નહીં. આ ગુરુ પુત્ર છે.

જે વિદ્યા દ્રોણાચાર્ય પોતાના પુત્રને ન આપી તે તમને આપી. ગુરુનું ઋણ કદી ભૂલશો નહીં. બ્રાહ્મણ પરમાત્માનું સ્વરૂપ છે. ગાય લૂલી, લંગડી, વાંઝણી હોય તો પણ ગાયના શુકન મનાયા છે. ભેંસના શુકન માનવામાં આવતા નથી. ગાય અને બ્રાહ્મણ વંદનીય છે. દ્રૌપદી એ દયાનું સ્વરૂપ છે.

દયા સાથે જીવ ન પરણે, ત્યાં સુધી શ્રીકૃષ્ણ તેના સારથિ બનતા નથી. અર્જુન જીવાત્મા ગુડાકેશ અને શ્રીકૃષ્ણ હૃષીકેશ છે. એ જોડી આ શરીર રથમાં બેઠી છે. ઈન્દ્રિયોરૂપી ઘોડાઓનો રથ પ્રભુને સોંપશો તો કલ્યાણ થશે. ઈન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણ છે. યુધિષ્ઠિર એ ધર્મ છે. ભીમ એ બળ છે. સહદેવ-નકુલ બુદ્ધિ અને જ્ઞાન છે. આ ચાર ગુણ વાળો જીવ અર્જુન છે. આ ગુણો ક્યારે શોભે? જ્યારે દ્રૌપદી- દયા તેની પત્ની બને છે ત્યારે. જીવ-દયા દ્રૌપદી સાથે લગ્ન કરે છે ત્યારે. દ્રૌપદી ક્યારે મળે? ધર્મને મોટો માને ત્યારે. પરમાત્મા સારથિ ત્યારે જ થાય કે ધર્મને મોટો માને. આજે તો લોકો ધર્મને મોટો માનતા નથી. ધનને મોટું માને છે, પણ માનવજીવનમાં ધન મુખ્ય નથી, ધર્મ મુખ્ય છે. ધન ધર્મની મર્યાદામાં રહીને મેળવવું જોઈએ. તમારે કોઈ કાર્ય કરવું હોય તો પહેલા ધર્મને પૂછજો. આ કાર્ય કરવાથી પાપ તો નહીં લાગે ને? તમે અર્જુન જેવું પવિત્ર જીવન ગાળશો તો, ભગવાન તમારા સારથિ થશે. પૈસા માટે ધર્મનો ત્યાગ કરે તે ઈશ્વરને ગમતો નથી, પણ ધર્મ માટે પૈસાનો ત્યાગ કરે તે પ્રભુને ગમે છે. દ્રૌપદીએ અશ્વત્થામાને બચાવ્યો. તેણે અર્જુનને કહ્યું, અશ્વત્થામાને મારશો તો તેની મા ગૌતમીને અતિ દુઃખ થશે. હું હજુ સધવા છું, અશ્વત્થામાની મા વિધવા છે. તે પતિના મર્યા પછી પુત્રના આશ્વાસ ને જીવે છે. કોઈના આશીર્વાદ ન લો તો કાંઈ નહીં પણ કોઈનો નિઃ સાસો લેશો નહીં.કોઈ નિઃસાસો આપે તેવું કૃત્ય કરતા નહીં. જગતમાં બીજાને રડાવશો નહીં, જાતે રડજો. રડવાથી પાપ બળે છે. રડવાથી એક દિવસ પરમાત્મા કૃપા કરે છે. ત્યારે ભીમ અર્જુનને કહે છે, આ બાલહત્યારા ઉપર દયા હોતી હશે? અર્જુન વિચારમાં પડ્યા.

છેલ્લે શ્રીકૃષ્ણે આજ્ઞા કરી, દ્રૌપદી કહે છે તે બરાબર છે. દ્રૌપદીના દિલમાં દયા છે. ભીમસેને કહ્યું કે, આતતાયીને મારવામાં પાપ નથી. તેને શ્રીકૃષ્ણ જવાબ આપે છે, બ્રાહ્મણનું અપમાન એ મરણ બરાબર છે. માટે અશ્વત્થામાને મારવાની જરૂર નથી. તેનું અપમાન કરી કાઢી મૂકો. અશ્વત્થામાનું મસ્તક કાપ્યું નહીં. તેના માથામાં જન્મસિદ્ધ મણિ હતો તે કાઢી લીધો. અશ્વત્થામા તેજહીન બન્યો. હવે મરવામાં શું બાકી રહ્યું? અપમાન મરણ કરતાં પણ વિશેષ છે.અશ્વત્થામાએ વિચાર કર્યો કે, આના કરતાં મને મારી નાખ્યો હોત તો સારું થાત! આ અપમાનનો બદલો હું લઈશ. ઉત્તરાના પેટમાં ગર્ભ છે તે પાંડવોનો ઉત્તરાધિકારી છે. તે ગર્ભનો નાશ થાય તો પાંડવોના વંશનો નાશ થાય, એમ વિચારી ગર્ભ ઉપર તેણે બ્રહ્માસ્ત્ર છોડયું. ઉત્તરા વ્યાકુળ થાય છે, હરિ સ્મરણ કરે અને હરિઆશ્રય લે તો ભગવાન માર્ગ બતાવે છે. બ્રહ્માસ્ત્ર ઉત્તરાના શરીરને બાળવા લાગ્યું. ઉત્તરા દોડતાં દોડતાં શ્રી કૃષ્ણ પાસે આવ્યા.શ્રીકૃષ્ણ ઉત્તરા ના ગર્ભમાં પરીક્ષિતનું રક્ષણ કરે છે. જીવ માત્ર પરીક્ષિત છે. સર્વનું ગર્ભમાં કોણ રક્ષણ કરે છે? જીવ માત્રનું રક્ષણ ગર્ભમાં ઈશ્વર કરે છે. બહાર આવ્યા પછી પણ જીવનું રક્ષણ ભગવાન કરે છે. ગર્ભમાં તો જીવાત્મા હાથ જોડીને પરમાત્માને સતત નમન કરે છે પણ બહાર આવ્યા પછી બે હાથ છૂટા થતાં તેનું નમન છૂટી જાય છે, પ્રભુને તે ભૂલી જાય છે. ગર્ભાવસ્થામાં જીવનું રક્ષણ પરમા ત્મા કરે છે, તે બાલ્યાવસ્થામાં પણ જીવનું પરમાત્મા જ રક્ષણ કરે છે. પણ જવાનીમાં માનવી ભાન ભૂલે છે. અક્કડાઈમાં ચાલે છે અને કહે છે કે હું ધર્મમાં માનતો નથી, ઈશ્વરમાં માનતો નથી. દ્રૌપદીએ ઉત્તરાને સારી શિખામણ આપેલી કે જીવનમાં દુઃખનો પ્રસંગ આવે ત્યારે શ્રીકૃષ્ણને શરણે જજે.તે તને જરૂર મદદ કરશે. તારા દુઃખની કથા દ્વારિકાનાથ સિવાય કોઈને કહેતી નહીં.

તેથી ઉત્તરા રક્ષણ માટે પાંડવો પાસે ગયા નથી પણ પરમાત્મા પાસે ગયા છે. ભગવાન કોઈના ગર્ભમાં જતા નથી. પરમાત્માની લીલા અપ્રાકૃત છે. દેવકીના પેટમાં ભગવાન ગયા નથી. દેવકીને ભ્રાંતિ કરાવી છે કે, મારા પેટમાં ભગવાન છે. પરંતુ આજે એવી જરૂર પડી હતી. આજે ભક્તનું રક્ષણ કરવું હતું એટલે પરમાત્માએ ગર્ભમાં જઈ રક્ષણ કર્યું. પરમ આશ્ચર્ય છે. શ્રીકૃષ્ણે સુદર્શનચક્રથી બ્રહ્માસ્ત્રનું નિવારણ કર્યું, પરીક્ષિતનું રક્ષણ કર્યું. માતાના પેટમાં જ પરીક્ષિતને પરમાત્માનાં દર્શન થયા છે, તેથી પરીક્ષિત ઉત્તમ શ્રોતા છે. હવે દ્વારિકાનાથ દ્વારિકા જવા તૈયાર થાય છે.કુંતાએ મર્યાદા ભક્તિ છે. સાધનભક્તિ છે. યશોદા એ પુષ્ટિભક્તિ છે. યશોદા નો બધો વ્યવહાર ભક્તિરૂપ હતો. પ્રેમલક્ષણા ભક્તિમાં વ્યવહાર અને ભક્તિનો ભેદ રહેતો નથી. વૈષ્ણવની દરેક ક્રિયા ભક્તિ બની જાય છે. મર્યાદાભક્તિ પહેલાં આવે છે, તે પછી પુષ્ટિભક્તિ. મર્યાદાશક્તિ એ સાધન છે તેથી આરંભમાં આવે છે. પુષ્ટિભક્તિ એ સાધ્ય છે એટલે અંતમાં આવે છે. ભાગવતમાં નવમા સ્કંધ સુધી સાધન ભક્તિનું વર્ણન છે. દસમા સ્કંધમાં સાધ્ય ભક્તિનું વર્ણન છે. સાધ્ય ભક્તિ પ્રશ્ન બાંધે છે.પુષ્ટિ ભક્તિ ભગવાનને બાંધશે. તેથી કથા ભાગવતમાં છેવટે આવે છે. દરેક વ્યવહાએ ભક્તિરૂપ બનાવે તે પુષ્ટિભક્તિ છે. નમન.ભક્તિ માર્ગમાં ભગવદ્ વિયોગ સહન થતો નથી. વૈષ્ણવ તે છે જે પ્રભુના વિરહમાં બળે છે. દ્વારિકાનાથ દ્વારિકા જવા તૈયાર થયા. એ જોઈ કુંતાજીનું હૃદય ભરાયું. જે રસ્તે ભગવાનનો શ જવાનો હતો, તે રસ્તામાં આવી કુંતાજી હાથ જોડીને ઊભા. પ્રભુએ દારુક સારથિને રથ ઊભો રાખવા કહ્યું. ફઈબા અત્રે માર્ગમાં કેમ ઊભાં છે? કુંતાજીને જોઈ પ્રભુ રથમાંથી નીચે ઊતર્યા. કુંતાજી વંદન કરે છે. રોજનો નિયમ તો એવો હતો કે, ભગવાન કુંતાને પ્રણામ કરે ત્યારે આજે કુંતાએ ભગવાનને વંદન કર્યા. પ્રભુ કહે છે, તમે આ શું કરો છો? હું તો તમારા ભાઈનો દીકરો છું. તમે મારા વડીલ છો. તમે પ્રણામ કરો એ ન શોભે. કુંતાજી કહે છે, આજદિન સુધી હું માનતી હતી કે તમે મારા ભાઈના પુત્ર છો. આજે સમજાયું કે, ના, તમે ઈશ્વર છો. યોગીઓ તમારું દયાન કરે છે. મે સર્વના પિતા છો.

# હાથમાં હાથ નાખીને કેટ-વિકી એરપોર્ટ પર થયા સ્પોટ

## તસવીરોમાં જોઇ શકો છો કો કે કેટરીના કૈફે વ્હાઇટ ટોપની સાથે બ્લેક જીન્સ અને લોન્ગ કોટ પહેર્યો છે



| મુંબઈ, તા.૧ |

સિદ્ધાર્થ-કિયારા, રણદીપ હુડ્ડા-લીન અને હવે બોલિવૂડના મોસ્ટ લવિંગ કપલમાંથી એક વિકી કૌશલ અને કેટરીના કૈફ હાલમાં નવું વર્ષ એન્જોય કરવા માટે રવાના થઈ ગયા છે. હાલમાં કપલ એરપોર્ટ પર સ્પોટ થયા. આ દરમિયાન કપલ એકબીજાના હાથમાં હાથ નાખીને જોવા મળ્યા. આ દરમિયાન સોશિયલ મિડીયામાં તસવીરો વાયરલ થઈ રહી છે, જેમા કેટરીના અને વિકીની કેમિસ્ટ્રી જોઈને ફેન્સ ખુશ થઈ ગયા છે. સામે આવેલી તસવીરોમાં તમે જોઈ શકો છો કો કે કેટરીના કૈફે વ્હાઈટ ટોપની સાથે બ્લેક જીન્સ અને લોન્ગ કોટ પહેર્યો છે. આ લુકમાં કેટરીના મસ્ત લાગી રહી છે. જો કે આ લુકમાં કેટરીનાને ઓળખવી મુશ્કેલ બની જાય છે. કપલની રોમેન્ટિક તસવીરો વાયરલ થતા જોવા મળે છે. આમ, વિકીની વાત કરવામાં આવે તો એક્ટરે બ્લેક ટી શર્ટ અને જીન્સની સાથે સામાન્ય ક્રીમ કલરનું ફેશનેબલ જેકેટ પહેર્યુ છે. આ કપલ ખૂબ રોમેન્ટિક અંદાજમાં એરપોર્ટ પર સ્પોટ થયા હતા. આ દરમિયાન કેટ અને વિકી એકબીજાના હાથમાં હાથ નાખીને જબરજસ્ત અંદાજમાં એરપોર્ટ એન્ટ્રી લેતા જોવા મળ્યા. આ તસવીરો પર ફેન્સની નજર ટકી ગઈ છે. આ બન્ને કેમેસ્ટ્રી હાલમાં લોકોને ખૂબ પસંદ પડી રહી છે. આ દરમિયાન કપલ ગોલ્સ આપતા જોવા મળી રહ્યા છે. કેટ-વિકીનો આ વિડીયો અને તસવીરો હાલમાં લોકોને ખૂબ પસંદ પડે છે. કેટરીનાના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો હાલમાં એક્ટ્રેસ ટાઈગર ૩માં જોવા મળી. આ સિવાય આલિયા ભટ્ટ અને પ્રિયંકા ચોપરાની સાથે વિજય સેતુપતિ સ્ટારર મેરી ક્રિસમસ અને ફરહાન અખ્તરની જી લે જારાનો પણ હિસ્સો છે. આ સિવાય કેટરીના પાસે Merry Christmas પણ છે.



વિકી કૌશલના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો હાલમાં સેમ બહાદુર અને ડંકીમાં જોવા મળ્યો હતો. આ સિવાય વિકી કૌશલ મેરે મહેબૂબ સનમ અને છાવા જેવી ફિલ્મોમાં જોવા મળશે. વિકી કૌશલનો રોલ લોકોને ખૂબ પસંદ પડે છે. આ તસવીરોમાં તમે જોઈ શકો છો વિકી કૌશલ અને કેટરીના કૈફ એકદમ ખુશ દેખાઈ રહ્યા છે. એરપોર્ટ પર કપલ એકદમ કુલ લુકમાં જોવા મળ્યા. આ લુકમાં લોકોને કેટરીના કૈફના અને વિકી કૌશલના બ્લેક ચશ્મા ખૂબ ગમી ગયા છે.



# અરબાઝ ખાને તેના દીકરાની સામે શૌરા ખાનને કર્યું હતું પ્રપોઝ

## જ્યારે અરબાઝે તેને મોટા ગુલદસ્તા સાથે પ્રપોઝ કરે છે તો તે એકદમ આશ્ચર્યચકિત થઈ જાય છે

| મુંબઈ, તા.૧ |

અરબાઝ ખાનની પત્ની અને મેકઅપ આર્ટિસ્ટ શૌરા ખાને લગ્નના બીજા જ દિવસે તેનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પબ્લિક કરી નાંખ્યું હતું. ચર્ચા છે કે બંને ફિલ્મ 'પટના શુક્લા'ના સેટ પર મળ્યા હતા, પરંતુ મોટાભાગના લોકો તેમની લવ સ્ટોરી વિશે જાણતા નથી. શૌરા ખાને તેમના સંબંધો વિશે જણાવતા એક ક્યૂટ વીડિયો શેર કર્યો છે, જેમાં અરબાઝ ઘૂંટણિયે બેસીને તેને પ્રપોઝ કરતો જોવા મળી રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, જ્યારે અરબાઝે તેને મોટા ગુલદસ્તા સાથે પ્રપોઝ કરે છે તો તે એકદમ આશ્ચર્યચકિત થઈ જાય છે. શૌરા અને અરબાઝ તેમના પરિવારના સભ્યો સાથે હતા. શૌરા ખાન શરમાતી જોવા મળી રહી છે. વીડિયોમાં અરબાઝનો દીકરો અરહાન ખાન પણ જોવા મળી રહ્યો છે. પિતા અરબાઝને શૌરા ખાન સાથે જોઈને તે પણ ખુશ દેખાય છે અને તાળીઓ પાડે છે. પુત્રના આ રિએક્શન પર લોકો ઘણી કોમેન્ટ કરી રહ્યા છે. સ્ટાર ફોટોગ્રાફર વિરલ ભાયાણી દ્વારા શેર કરવામાં આવેલા વીડિયો પર એક યુઝરે લખ્યું કે, 'દીકરાની સામે પિતાના લગ્ન.' તો અન્ય યુઝર કહે છે, 'દીકરાની ઉંમરની છોકરી સાથે લગ્ન' વીડિયોમાં અભિનેતાનો સાળો આયુષ શર્મા પણ જોવા મળી રહ્યો છે. જ્યારે શૌરા ખાને લગ્નનો પ્રસ્તાવ સ્વીકાર્યો ત્યારે અરબાઝ ખાને તેને એક વીંટી આપી હતી. પછીબંનેએ એકબીજાને ચુંબન કર્યું હતું. અરબાઝે શૌરાને ગળે લગાડતા પહેલાં તેના કપાળ પર ચુંબન કર્યું હતું. ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરતા શૌરાએ લખ્યું હતુ કે, '૧૯ ડિસેમ્બરે હા કહી અને ૨૪ ડિસેમ્બરે લગ્ન કર્યા. અરબાઝ ખાન એકદમ ઝડપી હતો.' અભિનેતાએ વીડિયો પર કોમેન્ટ કરી હતી કે, 'હું ઘૂંટણ પર પણ ખૂબ જ ઊંચો અનુભવ કરી રહ્યો હતો. અરબાઝ અને શૌરાએ ૨૪મી ડિસેમ્બરે એક ખાનગી સમારંભમાં લગ્ન કર્યા હતા. લગ્નનું ફંક્શન અર્પિતા ખાન અને આયુષ શર્માના મુંબઈના ઘરે રાખવામાં આવ્યું હતું. આ દંપતીને આશીર્વાદ આપવા માટે સલમાન ખાનથી લઈને સલીમ ખાન સુધીનો આખો પરિવાર હાજર રહ્યો હતો. અરહાન પણ તેના પિતાના બીજા લગ્નનો ભાગ બન્યો હતો. ઉલ્લેખનીય છે કે, અરબાઝ અને શૌરાની ઉંમરમાં લગભગ ૧૫ વર્ષનો તફાવત છે.





તસવીરો જોઇને ફેન્સનો છૂટી ગયો પરસેવો

# કડકડતી ઠંડીમાં શમા સિકંદરે પુલમાં આપ્યા સુપર હોટ પોઝ

## પરંતુ તમને જણાવી દઇએ કે અહીંયા પુલમાં શમા સિકંદર ઠંડા પાણીમાં નહીં, પરંતુ ગરમ પાણીના પુલમાં ઉતરી હતી



| મુંબઈ, તા.૧ |

બોલિવૂડ ફિલ્મ સ્ટાર શમા સિકંદર આ દિવસોમાં વેકેશનની મજા માણી રહી છે. અદાકાર એક્ટ્રેસ હાલમાં ફ્રાન્સમાં વેકેશન એન્જોય કરી રહી છે. જેની અનેક ઝલક શમા સિકંદરે પોતાના ઈન્સ્ટાગ્રામ પર બતાવી છે. શમા વેકેશનની કેટલીક તસવીરો ફેન્સ માટે પોસ્ટ કરી છે. જો કે હાલની આ લેટેસ્ટ તસવીરોએ ફેન્સને ચોંકાવી દીધા છે. સામે આવેલી તસવીરોમાં તમે જોઈ શકો છો કે અદાકાર શમા સિકંદર કડકડતી ઠંડીમાં પુલના પાણીમાં મજા લઈ રહી છે. આ તસવીરો જોઈનં ફેન્સનો પણ ઠંડીમાં પરસેવો છૂટી ગયો છે. આ તસવીર પર લોકો જાતજાતની કોમેન્ટ્સ કરી રહ્યા છે. આમ વાત કરવામાં આવે તો શમાની એકથી એક તસવીરો સુપર હોટ અંદાજમાં તમે જોઈ શકો છો. કોઈ આવી ઠંડીમાં પુલના પાણીમાં મજા લે ખરા? જો કે આ વાતને શમાએ સાચી કરી બતાવી છે. શમા વેકેશનમાં પુલમાં મજા માણી રહી છે. જો કે લાઈફમાં આ પણ એક મજા હોય છે. અભિનેત્રીની આ તસવીર જોઈને ફેન્સ કોમેન્ટ્સ કરી રહ્યા છે કે ઠંડી લાગતી નથી કે શું? જો કે આ તસવીર જોઈને ઠંડીમાં ફેન્સનો પણ પરસેવો છૂટી જાય એમ છે. પરંતુ તમને જણાવી દઈએ કે અહીંયા શમા સિકંદર ઠંડા પાણીમાં નહીં, પરંતુ ગરમ પાણીના પુલમાં ઉતરી હતી. અદાકારની આ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર આવતાની સાથે સોશિયલ મિડીયામાં ધમાલ મચાવવા લાગી છે. સમા સિકંદરે તસવીર શેર કરતાની સાથે જણાવ્યુ છે કે હું જે પુલમાં છો એમાં હોટ વોટર છે. જો કે ગરમ પાણીના પુલમાં પડીને સના સુન્ન થઈ ગઈ છે. અદાકારની આ તસવીરો અનેક ફેન્સને ખૂબ પસંદ પડી છે તો અનેક જાતજાતની કોમેન્ટ્સ કરી છે. ઉલ્લેખનીય છે કે આ પહેલાં પણ એક્ટ્રેસે પોતાના ફ્રાન્સ વેકેશનની તસવીરો સોશિયલ મિડીયામાં શેર કરી હતી. આમ, વાત કરવામાં આવે તો હાલમાં અનેક બોલિવૂડ સ્ટાર્સ ન્યૂ યર સેલિબ્રેશન માટે અલગ-અલગ પ્લેસ પર વેકેશનની મજા માણી રહ્યા છે.



એક-એક સ્પેશિયલ મુમેન્ટ્સ જોઇને તમારો દિવસ સુધરી જશે

# અભિનેત્રી આલિયા ભટ્ટે શેર કર્યો મસ્ત વિડીયો

## આલિયા ભટ્ટ બી ટાઉનની સૌથી મોટી શાનદાર અને ખૂબસુરત એક્ટ્રેસમાંથી એક છે, ૨૦૨૩ આલિયા ભટ્ટ માટે ખાસ રહ્યો

| મુંબઈ, તા.૧ |

આલિયા ભટ્ટ બી ટાઉનની સૌથી મોટી શાનદાર અને ખૂબસુરત એક્ટ્રેસમાંથી એક છે. વર્ષ ૨૦૨૩ આલિયા ભટ્ટ માટે ખાસ રહ્યો છે. વર્ષ ૨૦૨૩ પૂરું થઈ રહ્યુ છે ત્યારે એક દિવસ પહેલાં આલિયા ભટ્ટે એક મસ્ત રિકેપ વિડીયો શેર કર્યો છે. આલિયા ભટ્ટે આ વિડીયોમાં એની સ્પેશિયલ મુમેન્ટ્સની ઝલક બતાવી છે. સોશિયલ મિડીયા પર આલિયા ભટ્ટે શેર કરેલો આ વિડીયો લોકોને ખૂબ પસંદ પડી રહ્યો છે. વર્ષ ૨૦૨૩માં આલિયાએ અનેક સિદ્ધિઓ હાંસિલ કરી છે. જો કે આલિયા ભટ્ટ અને રણબીર કપૂરથી વધારે લાઈમલાઈટમાં આ દિવસોમાં એની દીકરી રાહા છે. આલિયા ભટ્ટે ઈન્સ્ટાગ્રામ પર એક વિડીયો પોસ્ટ કર્યો છે જેમાં એને ૨૦૨૩ની ખાસ પળોને ઝલક અને તસવીરો બતાવી છે. ઈન્સ્ટાગ્રામ પર શેર આલિયાએ જ્યારે આ વિડીયો શેર કર્યો એમ તરત જ વાયરલ થવા લાગ્યો છે. વિડીયોની શરૂઆત આલિયાએ રોકી અને રાનીની પ્રેમ કહાનીની પ્રમોશનલ ઈવેન્ટ શૂટના લુકથી કરી છે. પછી આમાં આલિયાની ૨૦૨૩ની અનેક યાદગાર પળોની તસરવી અને વિડીયો જોવા મળી રહ્યા છે. આલિયાએ આ પોસ્ટના કેપ્શનમાં '૨૦૨૩' લખ્યુ છે. નવા વર્ષ ૨૦૨૪ને સ્વાગત કરતાં પહેલા એક્ટ્રેસ આલિયા ભટ્ટે પાછળ ફરીને જોયું છે. વર્ષ ૨૦૨૩ ના અંત પહેલા આલિયાએ સોશિયલ મીડિયા પર એક ખૂબ જ ક્યૂટ વીડિયો શેર કર્યો હતો.

અભિનેત્રી નીના ગુપ્તાનો સુપર બોલ્ડ વિડીયો વાયરલ થયો

# ૬૪ વર્ષની ઉંમરમાં નીના ગુપ્તા પેન્ટ પહેરવાનું ભૂલી ગઇ હતી



## અભિનેત્રી નીના ગુપ્તાએ વર્ષ ૧૯૮૨માં ફિલ્મ સાથ-સાથથી પોતાના કરિયરની શરૂઆત કરી હતી

| મુંબઈ, તા.૧ |

નીના ગુપ્તા ફિલ્મોમાં પોતાની દમદાર એક્ટિંગ માટે જાણીતી છે. નીના ગુપ્તાને એક્ટિંગની ક્વિન માનવામાં આવે છે. દરેક ભૂમિકામાં ફેન્સ નીના ગુપ્તાને પસંદ કરતા હોય છે. ફિલ્મો સિવાય નીના ગુપ્તા પોતાના બિંદાસ અંદાજ માટે જાણીતી છે. ૬૪ વર્ષની ઉંમરમાં નીના ગુપ્તા બોલ્ડ લુક્સને લઈને હંમેશા ચર્ચામાં રહેતી હોય છે. ૬૪ વર્ષની ઉંમરમાં પણ નીના લોકોના દિલમાં રાજ કરે છે. જો કે હાલમાં નીના ગુપ્તાનો એક વિડીયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. આ વિડીયોમાં નીના ગુપ્તા શોર્ટ ડ્રેસ પહેરેલા જોવા મળ્યા છે. હાલમાં નીના ગુપ્તાએ પોતાના ઈન્સ્ટા પર એક વિડીયો શેર કર્યો છે જેમાં એ બોલ્ડ લુકમાં જોવા મળે છે. આ વિડીયોમાં નીનાએ વ્હાઈટ કલરનો શર્ટ પહેર્યો છે. જો કે શર્ટની નીચે કંઈ પહેર્યુ નથી અને એ પોતાનો ટોન્ડ લેગ્સ ફ્લોન્ટ કરતા જોવા મળે છે. વિડીયોમાં એકદમ મસ્તી મૂડમાં જોવા મળે છે. આ સાથે નીના ગુપ્તાએ ફૂલ ટૂ મેચિંગ ફૂટવેર અને ગળામાં એક્સેસરીઝ કેરી કરી છે. આ લુકમાં નીના એકદમ બોલ્ડ દેખાઈ રહ્યા છે. આ લુકને જોઈને લોકો ઘાયલ થઈ ગયા છે. તમને જણાવી દઈએ કે આ કોઈ પહેલો મોકો નથી જેમાં નીના પોતાના બોલ્ડ લુકથી લોકોને હેરાન કરી દીધા છે. આ પહેલાં પણ નીના ગુપ્તાનો અનેક રીતે રિવિલિંગ અંદાજ જોવા મળ્યો છે. જેમાં ૬૪ વર્ષની ઉંમરમાં ખૂબસુરતીમાં મોટી-મોટી હસીનાઓને પાછળ પાડી દીધા છે.

# ઝાલોદ નગરમાં સ્વચ્છતા ઝુંબેશ ચલાવનાર નગર પાલિકામાં જ પાણીનો નિકાલ ન થતાં ગંદકી જોવા મળી

## પ્રજાપતિ વાસમાં રહેતા લોકોને પારાવાર ગંદકીને લઈ સતત બીમારીનો ભય સતાવી રહ્યો છે

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

ઝાલોદ નગરપાલિકા દ્વારા નગરમાં વડાપ્રધાનની સ્વચ્છ ભારત અંતર્ગત ઝુંબેશ ચાવવામાં આવી હતી અને સ્વચ્છ ભારત અંતર્ગત પોસ્ટર,બેનર દ્વારા લોકો જાગૃત થાય તેવા પ્રોગ્રામ પણ કરવામાં આવ્યા હતા. નગરપાલિકાની અંદર જ પાણીનો યોગ્ય નિકાલ ન હોવાથી ગંદકી જોવા મળી હતી.


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

નગરપાલિકાને અડીને જ પ્રજાપતિ સમાજના લોકોના રહેણાંક વિસ્તાર આવેલો છે. પ્રજાપતિ સમાજના લોકોના રહેણાંક વિસ્તારને અડીને જ પાણીના યોગ્ય નિકલના અભાવે ગંદકી જોવા મળેલ છે. પ્રજાપતિ સમાજ દ્વારા કેટલીય વાર આ ગંદા પાણીના નિકાલ માટે તંત્ર પાસે માંગ કરેલ છે પણ આ ગંદા પાણીનો કોઈ નિકાલ જોવા મળતો નથી. આ ગંદા પાણીનો યોગ્ય નિકાલ ન હોવાથી પ્રજાપતિ વિસ્તારના લોકો સતત બીમારીના ભય હેઠળ જીવી રહ્યા છે. ગંદા પાણીમાં રહેલ મચ્છરોને લઈ તેઓને ડેન્ગ્યુ, મેલેરિયા જેવા રોગોનો ભય સતાવી રહ્યો છે. આ ગંદુ પાણી સતત દુર્ગંધ પણ મારે છે તેવું અહીંના લોકોનું મૌખિક કહેવું છે. પ્રજાપતિ વિસ્તારના લોકો નગરપાલિકા પાસે આ ગંદા પાણીનો યોગ્ય નિકાલ થાય તેમજ આ વિસ્તારમાં ગંદકી ન સર્જાય તેવું ઈચ્છી રહ્યાં છે તેમજ નગરપાલિકા તાત્કાલિક આ અંગે પગલા લે તેવું પ્રજાપતિ સમાજના લોકો ઈચ્છી રહ્યાં છે.



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૧ ।

કડાણા તાલુકાના દિવડા કોલોની ખાતે તા. ૨૫-૧૨-૨૩ થી તા.૩૧-૧૨-૨૩ સુધી યોગ શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી આર.એસ.એસ. પ્રમુખ શ્રી સુરેશભાઈ ભાવસાર દ્વારા વિવિધ પ્રકારના યોગ ને લાગતી તાલીમ આપવામાં આવી હતી. આ શિબિર દરમિયાન વસાહતીઓ ઉપરાંત આજુબાજુના ગામોમાંથી પણ ભાઈઓ તેમજ બહેનોએ લાભ લીધો હતો.

# "મહેનત અને દ્રઢ ઈચ્છા શક્તિથી સફળતા ચોક્કસ મેળવી શકાય"- ઓસમ આરોહણ - અવરોહણ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતા ટિશા બાવળીયા

। (માહિતી) રાજકોટ, તા.૧ ।

રાજ્યકક્ષાની ચતુર્થ ઓસમ આરોહણ - અવરોહણ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતા થનાર રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના વાંગધ્રા ગામની એન. એસ. મકવાણા સ્કૂલમાં અભ્યાસ કરતી ટિશા બાવળીયા જણાવે છે કે, "રમત ગમત એ મારો ગમતો વિષય છે. મે ગત વર્ષે યોજાયેલ સ્પર્ધામાં પણ ભાગ લીધો હતો. જેમાં મારો બીજો નંબર આવ્યો હતો. મે ત્યારે જ નક્કી કર્યું હતું કે, આવતાં વર્ષે હું વધુ મહેનત કરીને અવ્વલ નંબર મેળવીને જ રહીશ. મહેનત અને દ્રઢ ઈચ્છા શક્તિથી સફળતા ચોક્કસ મેળવી શકાય છે. હું ખેલ મહાકુંભ જેવા રમત ગમતના જુદા જુદા કાર્યક્રમોમાં પણ ભાગ લઉં છું. મારા લક્ષ્યને પરિપૂર્ણ કરવા માટે મારા યોગ શિક્ષકએ પણ ખૂબ મહેનત કરી છે. મારી આ સફળતામાં મારા યોગ શિક્ષકનો પણ મહત્વનો ભાગ છે. સરકારશ્રી દ્વારા યોજાતા આવા કાર્યક્રમો માટે હું વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો ખુબ ખુબ આભાર માનું છું.




# દસ્ક્રોઇ તાલુકાના પરઢોલ ગામ ખાતે ધારાસભ્ય બાબુભાઈ જમનાદાસ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું આગમન



। (માહિતી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાના પરઢોલ ગામ ખાતે ધારાસભ્ય શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પરઢોલ ગામમાં અંદાજિત ૭૯૬ લોકોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં ભાગ લીધો હતો.

સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૩૨૫ લોકોના આરોગ્ય અને ટીબીની તપાસ પણ કરવામાં આવી હતી. 'માય ભારત' હેઠળ ૨૭ સ્વયંસેવકોના રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી ઉજ્વલા યોજના હેઠળ ૩ લોકોને લાભ વિતરણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત મહિલાઓ, વિદ્યાર્થીઓ, લોકલ રમતવીરો, લોકલ કલાકારોને તેમના ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે એવોર્ડ આપવામાં આવ્યા હતા. સરકારની વિવિધ યોજનાઓ હેઠળ લાભાર્થીઓને લાભ વિતરણ કરવામાં આવ્યું હતું. 'મેરી કહાની, મેરી જુબાની' હેઠળ લાભાર્થીઓએ પોતાના અનુભવો લોકો સમક્ષ રજૂ કર્યા હતા. ખેડૂતોના સોઈલ હેલ્થ કાર્ડનું નિદર્શન અને ડ્રોન નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોએ પોતાના પ્રાકૃતિક કૃષિને લગતા અનુભવો ઉપર ચર્ચા કરી હતી. આ ઉપરાંત, સ્થળ પર આયોજિત આયુષ્માન કાર્ડ કેમ્પમાં ૯૫ લોકોના આયુષ્માન કાર્ડ બનાવી તેનું વિતરણ કરવામાં આવ્યું હતું. પરઢોલ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પરઢોલ ગામના સૌ કોઈએ વિકસિત ભારતનો સંકલ્પ લીધો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા સંગઠન મંત્રી શ્રી રાજુભાઈ ઠાકોર, અમદાવાદ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી કાંતિજી ઠાકોર અને દસકોઈ તાલુકા પ્રમુખ શ્રી સુરેશભાઈ પટેલ હાજર રહ્યા હતા.

# વોટસન મ્યુઝિયમમાં અખિલ ભારતીય હસ્તકલા સપ્તાહની ઉજવણી અંતર્ગત માટીકલાના નિર્દશનનો કાર્યક્રમ યોજાયો



। (માહિતી) રાજકોટ, તા.૧ ।

ગુજરાત રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના પુરાતત્વ અને સંગ્રહાલય ખાતા સંચાલિત વોટસન મ્યુઝિયમ, રાજકોટ દ્વારા અખિલ ભારતીય હસ્તકલા સપ્તાહની ઉજવણી અંતર્ગત માટી કલાના પ્રત્યક્ષ નિર્દશનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શિલ્પકારશ્રી જોગેન્દ્રભાઈ પાલ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણના સુંદર મુખારવિંદ તેમજ પરીની માટીની કલાત્મક કૃતિનું સર્જન કરાયું હતું. વોટસન મ્યુઝિયમના ક્યુરેટરશ્રી સંગીતાબેન રામાનુજે જણાવ્યું હતું કે માટી કલાએ આપણી પ્રાચીન કલા છે. આધુનિક યુગમાં માટી કલાના માધ્યમથી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરી શકાય છે. ગુજરાત સરકાર હસ્તકલા પ્રવૃતિને ઉત્તેજન મળે, તે માટે પ્રયાસશીલ છે. ત્યારે લોકોને કલા પ્રવૃત્તિમાં રસ ઉત્પન્ન થાય તેમજ સંસ્કૃતિના વારસારુપ નમુનાઓના સંરક્ષણ પ્રત્યે જનજાગૃતિ કેળવાય, એ ઉદ્દેશથી આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ તકે ક્યુરેટરશ્રીએ શિલ્પકારશ્રી જોગેન્દ્રભાઈ પાલનું પુસ્તક આપીને અભિવાદન કર્યુ હતું. આ તકે વિદ્યાર્થીનીઓ સહિત કલાપ્રેમી જનતાએ માટીકલા નિર્દશનનો લ્હાવો લીધો હતો.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અમદાવાદ ખાતે SGVP આયોજિત પૂ. પુરાણી સ્વામી સ્મૃતિ મહોત્સવના સમાપન સમારંભમાં ભાવપૂર્ણ ઉપસ્થિતિ

। (માહિતી) અમદાવાદ, તા.૧ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ ખાતે **SGVP** દ્વારા આયોજિત પૂજ્ય પુરાણી સ્વામી સ્મૃતિ મહોત્સવના સમાપન સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે સંતશકિતના આશીર્વાદ, સંસ્કૃતિજતન તથા નવજાગરણ માટેના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના સંકલ્પથી ભારત વિશ્વગુરુ બનવા તરફ આગળ વધી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ હંમેશાં સંસ્કૃતિના જતન પર ભાર મૂક્યો છે. આજે ગુરુકુળ પરંપરાને કારણે વિદેશની ધરતી પર પણ આપણી સંસ્કૃતિ મજબૂતાઈપૂર્વક પ્રસ્થાપિત થઈ શકી છે, એ બહુ મોટી વાત છે, એવું તેમણે ઉમેર્યુ હતું

આગામી દિવસોમાં ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ યોજાવા જઈ રહી છે, તે અંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૩માં શ્રી નરેન્દ્રભાઈએ વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરાવેલી અને આજે આ સમિટ વૈશ્વિક પ્લેટફોર્મ બની ચૂકી છે. શ્રી નરેન્દ્રભાઈએ વર્ષ ૨૦૦૭માં રણોત્સવની શરૂઆત કરાવેલી. આજે ધોરડો યુએનના વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા વિશ્વના બેસ્ટ ટૂરિસ્ટ વિલેજની યાદીમાં પ્રસ્થાપિત થયું છે, તેનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉલ્લેખ કર્યો હતો. દેશમાં અવિરત ચાલી રહેલાં વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું હતું કે આજે વિકસિત દેશોમાં જેનું ઉત્પાદન થાય છે, એનું નિર્માણ આપણા દેશમાં પણ થઈ રહ્યું છે.



દેશનું ગૌરવ દુનિયાભરમાં વધ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના 'આત્મનિર્ભર ભારત'ના મંત્ર એ સર્જેલી ક્રાંતિનું આ પરિણામ છે, એવું તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સરકાર આજે નાનામાં નાના માણસનું પણ ધ્યાન રાખી રહી છે. ડિજિટલ ઈન્ડિયાનો લાભ નાના ધંધા-વ્યવસાયવાળા લોકોને મળી રહ્યો છે. 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત આજે કોઈ એક રાજ્ય નહિ, સમગ્ર દેશનો વિકાસ થાય એવી કામગીરી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં થઈ રહી છે. મુખ્યમંત્રીશ્રીએ કર્મના સિદ્ધાંત અને આધ્યાત્મિક પ્રભાવનું દૃષ્ટાંત વાલ્મિકી ઋષિના પૂર્વાશ્રમની વાત ટાંકીને આપ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્પ છે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ થાય. સંતોના આશીર્વાદથી સૌ કોઈ આ સંકલ્પને સાકાર કરવા સહભાગી થશે એવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી. આ સ્મૃતિ મહોત્સવ પ્રસંગે સ્વામી શ્રી માધવપ્રિયદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સુવિકસિત ભારત માટે આહવાન કર્યુ હતું.

# અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી મેહુલભાઈ દવેની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં દસકોઈ તાલુકાના એણાસણ ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન

। અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી મેહુલભાઈ દવેની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં દસકોઈ તાલુકાના એણાસણ ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના અંદાજિત ૬૯૨ લોકોની ઉપસ્થિતિમાં કેન્દ્ર સરકારની યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. વિવિધ યોજનાઓ હેઠળ લાભાર્થીઓ ને લાભ વિતરણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સ્થળ પર આયોજિત આરોગ્ય કેમ્પમાં ૨૫૫ લોકોના આરોગ્યની અને ટીબીની તપાસ કરવામાં



આવી હતી. 'માય ભારત' અંતર્ગત ૨૭ સ્વયંસેવકોના રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી ઉજ્વલા યોજના હેઠળ ૩ લાભાર્થીઓને લાભ વિતરણ કરવામાં આવ્યા હતા. એણાસણ ગામની મહિલાઓ, વિદ્યાર્થીઓ, લોકલ રમતવીરો અને લોકલ કલાકારોનું પોતાના ક્ષેત્રમાં અલગ અલગ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી મેહુલભાઈ દવેના હસ્તે એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# કપડવંજના ખાનપુર વડવાળા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ગ્રામજનો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરાયું

। આતરસુંબા, તા.૧ ।

કપડવંજ તાલુકાના ખાનપુર વડવાળા ગામે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબની સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ કેન્દ્ર અને રાજ્યની અનેક વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને મહાનુભાવનોના વરદ હસ્તે લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે લાભાર્થીઓ એ પોતાને મળેલ લાભ સન્માન બદલ પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબનો આભાર વ્યક્ત કરતા પ્રતિભાવ રજુ કર્યા હતા.

વિકસિત ભારત સંકલ્પ યાત્રાના આ કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડા જિલ્લા ભાજપના મંત્રી શ્રી ધૂળસિંહ સોલંકી અને ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા આતરસુંબાએ પ્રસંગોચિત ઉદબોધનમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાની રૂપરેખા રજૂકરી, સરકારશ્રીની વિવિધ યોજનાઓની માહિતી આપી, પાત્રતા ધરાવતા એક પણ લાભાર્થી લાભ સન્માનથી વંચિતના રહે તે માટે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ પ્રાર્થનાગીત,



સ્વાગતગીત, દેશભક્તિ ગીત તથા પ્રાકૃતિક ખેતી અંગેનું પ્રેરક નાટક સહિતના કાર્યક્રમોની પ્રસ્તુતિ રજુ કરી હતી. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના આ કાર્યક્રમમાં ખેડા જિલ્લા ભાજપ મંત્રી શ્રી ધૂળસિંહ સોલંકી, જિલ્લા બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા, કપડવંજ તાલુકા બક્ષીપંચ પ્રમુખ શ્રી બાબુભાઈ પરમાર, ઉપ પ્રમુખ શ્રી બાબુભાઈ વ્યાસજીના મુવાડા, કિસાન મોરચાના મંત્રી શ્રી રાજુભાઈ સોલંકી, સરપંચ શ્રી દિનેશભાઈ, પૂર્વ સરપંચ શ્રી ભવાનસિંહ, નોડલ અધિકારી શ્રી તેજસભાઈ ગઢવી, નાયબ મામલતદાર શ્રી ગોર સાહેબ, તલાટી કમ મંત્રી શ્રી જગદીશભાઈ, ગ્રામ પંચાયત અને શાળા પરિવારના સર્વે સદસ્યો, ગ્રામ આગેવાનો, લાભાર્થી ભાઈઓ બહેનો અને વ્હાલા બાળકો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે હૅલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. ગૃહપ્રવેશ માટે શુભ દિવસ. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો. તમે જો તમારા કામ પર જ ધ્યાન કેન્દ્રિત કરશો તો સફળતા અને સ્વીકૃતિ તમારા થશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો? તમારા આશ્ચર્ય વચ્ચે તમારો ભાઈ તમારી મદદ આવશે. તમારે સહકાર આપી એકબીજાના સહયોગમાં કામ કરી એકમેકને ખુશ કરવાના રહેશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે બ્લ્ડ પ્રૅશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રૅડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલૅસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. સમજદારીપૂર્વક રોકાણ કરો. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમને આજે પ્રેમની સુંદર ચોકલેટના સ્વાદ માણવા મળશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારો ઝઘડાખોર સ્વભાવ અંકુશમાં રાખો કેમ કે તેનાથી તમારા સંબંધો પર કાયમી અસર પડી શકે છે. મોકળાશભર્યું મન અને કોઈના પણ પ્રત્યે પૂર્વગ્રહ ત્યજીને તમે તેમાંથી બહાર આવી શકો છો. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે. તમારૂ કામ ઓછી મહત્વતા પ્રાપ્ત કરશે-કેમ કે તમને તમારા પ્રિયપાત્રની બાહોંમાં રાહત, આનંદ તથા અત્યંત લાગણીનો તરંગ મળ્યો છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. આજે તમે તમારા પ્રયપાત્રના હૃદયના ધહકારા સાથે સાથે મિલાવશો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા બાળકોને ન લેવા દો. ચમારી પરિસ્થિતિ વિશે તમારા સાથીદારને સમજાવવામાં તમને ખૂબ મુશ્કેલી પડશે. સખત મહેનત અને ધીરજ દ્વારા તમે તમારા ધ્યેયની પ્રાપ્તિ કરશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. અન્યોની દખલ ઘર્ષણ પેદા કરશે. આજે કાર્યક્ષેત્ર માં તમારા કોઈ જુના કામ ની પ્રશંસા થયી શકે છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે. તમે એક જગ્યાએ ઊભા હશો અને પ્રેમ તમને બીજા જ વિશ્વમાં ખેંચી જશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારો મિજાજ ફૂલફટાક હોવા છતાં આજે જે તમારી સાથે હાજર નથી રહી શક્યું તેની ખાય તમને સાલશે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. પત્નીના કામોમાં હસ્તક્ષેપ તેને ક્રોધાવેશમાં લાવી શકે છે. સામસામે ગુસ્સો કરવાથી દૂર રહેવા માટે તેની પરવાનગી લો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. નાણાકીય પક્ષ મજબૂત થવાની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. આજે કોઈક તમારા વખાણ કરશે.

### ઈન્ડોનેશિયામાં મુસલમાનોની ૮૭ ટકા વસતી

# ઈન્ડોનેશિયામાં હિંદુ ગસ્તી નાગુર રાયની બોલબાલા

## ગસ્તી નાગુર રાયના નામથી ટપાલ ટિકિટ, એરપોર્ટ પણ છે

। (એજન્સી) જકાર્તા, તા.૧ ।

ઈન્ડોનેશિયા એક મુસ્લિમ દેશ છે, જ્યાં મુસલમાનોની વસતી ૮૭ ટકા છે, પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે અહીં એક હિંદુની બોલબાલા છે. સમગ્ર ઈન્ડોનેશિયામાં તેમના નામ પર ઘણી પ્રતિમાઓ બનાવાઈ છે. તેમના નામથી ટપાલ ટિકિટ જારી થઈ છે. આ સિવાય વિશ્વના વ્યસ્ત ગણાતા એરપોર્ટનું નામકરણ પણ તેમના નામ પર થયુ છે. આ જ કારણ છે કે બાલી એરપોર્ટમાં ઘણા હિંદુ દેવતાઓની પ્રતિમાઓ છે.

ઈન્ડોનેશિયાનું બાલી એરપોર્ટ ગસ્તી નાગુર રાય ઈન્ટરનેશનલ એરપોર્ટના નામથી ઓળખવામાં આવે છે. ગસ્તી નાગુર રાય એક હિંદુ હતા, જેમનો જન્મ ઈન્ડોનેશિયામાં થયો હતો. દેશના પ્રત્યે તેમના અસીમ પ્રેમના કારણે તેઓ સેનામાં સામેલ થયા હતા. તેમણે ઈન્ડોનેશિયાને ડચથી આઝાદ કરાવવામાં ખૂબ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. તેમને કર્નલનું પદ પણ મળ્યુ હતુ. દેશના પ્રત્યે તેમની વફાદારીને જોયા બાદ ઈન્ડોનેશિયાઈ સરકારે તેમને સૌથી બહાદુર સૈનિક તરીકેનું નામ આપ્યુ. ગસ્તી નાગુર રાયની સમગ્ર દેશમાં ઘણા સ્થળોએ પ્રતિમાઓ લાગેલી છે. તેમના નામ પર ટપાલ ટિકિટ જાહેર થઈ અને બાલી એરપોર્ટનું નામ પણ રાખવામાં આવ્યુ. માત્ર એરપોર્ટનું નામ જ હિંદુ પર રાખવામાં આવ્યુ નહીં પરંતુ ત્યાં ઘણા હિંદુ દેવતાઓની પ્રતિમાઓ પણ લગાવવામાં આવી છે. એરપોર્ટ પરિસરમાં હનુમાનજીની વિશાળકાય પ્રતિમા લાગેલી છે. જેમાં તેઓ ગદા લઈને ઊભેલા છે. આ પ્રતિમા દેશ-વિદેશથી આવનાર પર્યટકોનું ખાસ ધ્યાન પોતાની તરફ ખેંચે છે.

આ સિવાય એરપોર્ટ પર ભગવાન વિષ્ણુના વાહન ગરુડની પ્રતિમાઓ લાગેલી છે. જેને ઈન્ડોનેશિયાની સ્થાનિક શૈલીની મદદથી પ્રભાવશાળી બનાવાઈ છે. ગરુડ સિવાય ભગવાન વિષ્ણુની પ્રતિમા પરિસરમાં લાગેલી છે. આ સિવાય સુબાહુની પ્રતિમા પણ છે. જે લંકાપતિ રાવણના ભાણેજ અને મારીચના ભાઈ હતા. તે એક રાક્ષસ હતો. જેનો વધ ભગવાન રામે વિશ્વામિત્રના યજ્ઞની રક્ષા કરવા દરમિયાન કર્યો હતો. ઈન્ડોનેશિયામાં ભગવાન વિષ્ણુને ખૂબ માનવામાં આવે છે. ત્યાં તેમના ઘણા મંદિર પણ છે. ૧૦થી ૧૧મી સદીના મધ્ય સુધી ઈન્ડોનેશિયામાં હિંદુ વસતી વધુ હતી.

## યુએસ.-દ.કોરિયા ઉશ્કેરણી કરે તો તેમનો ખાત્મો બોલાવી દો

। (એજન્સી) પ્યોંગયાંગ, તા.૧ ।

ઉ.કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉને તેમના સૈન્યને આદેશ આપ્યો છે કે જો અમેરિકા અને દ.કોરિયા કોઈ ઉશ્કેરણીજનક કાર્યવાહી કરે તો તેમનો દુનિયાથી જ ખાત્મો બોલાવી દો. અહેવાલ અનુસાર કિમ જોંગે આ દરમિયાન રાષ્ટ્રીય સુરક્ષાને પણ મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો. ઉત્તર કોરિયામાં સત્તાધારી પાર્ટીની પાંચ દિવસની બેઠકમાં તેમણે આ વાત કહી હતી. તેમણે કહ્યું કે ૨૦૨૪માં વધુ ૩ સૈન્ય જાસૂસી સેટેલાઈટ લોન્ચ કરવાનું લક્ષ્ય છે. ગત નવેમ્બરમાં જ ઉ.કોરિયાએ તેમના પ્રથમ સૈન્ય જાસૂસી સેટેલાઈટનું સફળ પ્રક્ષેપણ કર્યું હતું. કિમ જોંગ ઉને ઉ.કોરિયાઈ સૈન્યના કમાન્ડિંગ ઓફિસર સાથે બેઠક યોજી હતી. જેમાં કહ્યું કે રાષ્ટ્રીય સુરક્ષા માટે સૈન્ય તૈયારીઓ મજબૂત કરવામાં આવે. આપણા સૈન્યએ તમામ જરૂર પગલાં ભરીને આપણી વિરુદ્ધ કાર્યવાહી કરનારા દેશોને સંપૂર્ણપણે બરબાદ કરી દેવામાં આવે અને આવું કરતાં આપણા સૈન્યએ જરાય ખચકાવાની જરૂર નથી.

### નવા વર્ષના પહેલા દિવસે સામાન્ય રાહત મળી

# કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં સામાન્ય ઘટાડો કરવામાં આવ્યો

## ઘટાડા બાદ રાજધાની દિલ્હીમાં ૧૯ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત ઘટીને ૧૭૫૫.૫૦ રૂપિયા થઈ ગઈ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

દેશની મોટી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ નવા વર્ષની ભેટ આપતા એલપીજી સિલિન્ડરના ભાવમાં ઘટાડો કર્યો છે. એલપીજીના ભાવમાં દર મહિનાના પ્રથમ દિવસે સુધારો કરવામાં આવે છે અને એલપીજી સિલિન્ડરના નવા દરો પણ વર્ષ ૨૦૨૪ના પ્રથમ મહિનાના પ્રથમ દિવસે જારી કરવામાં આવ્યા છે. કોમર્શિયલ સિલિન્ડરની કિંમતોમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે, જ્યારે ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

ઘટાડા બાદ હવે રાજધાની દિલ્હીમાં ૧૯ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત ઘટીને ૧૭૫૫.૫૦ રૂપિયા થઈ ગઈ છે. પહેલા તે ૧૭૫૭ રૂપિયામાં વેચાતો હતો. અગાઉ ૨૨ ડિસેમ્બરે ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ઘટાડો કરીને ગ્રાહકોને ક્રિસમસ અને નવા વર્ષની પ્રી-ગિફ્ટ આપી હતી. ત્યારબાદ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૩૯.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. જે બાદ દિલ્હીમાં આ સિલિન્ડરની કિંમત ૧૭૯૬.૫૦ રૂપિયાથી ઘટીને ૧૭૫૭.૫૦ રૂપિયા થઈ ગઈ હતી.

IOCLની વેબસાઈટ અનુસાર, દિલ્હી સિવાય કોલકાતામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૧૮૬૯ રૂપિયા છે, અહીં કિંમતમાં ૫૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. જો મુંબઈની વાત કરીએ તો અત્યાર સુધી ૧૯ કિલોનો સિલિન્ડર ૧૭૧૦ રૂપિયામાં મળતો હતો જે ૧લી જાન્યુઆરીથી ૧૭૦૮.૫૦ રૂપિયા થઈ ગયો છે. હવે ચેન્નાઈમાં તે ૧૯૨૯ રૂપિયાને બદલે ૧૯૨૪.૫૦ રૂપિયામાં મળશે. ૧૪ કિલોના ઘરેલુ એલપીજી સિલિન્ડરની વાત કરીએ તો તેની કિંમતમાં લાંબા સમયથી કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. છેલ્લી વખત તેની કિંમતોમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો ૩૦ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ કરવામાં આવ્યો હતો. દિલ્હીમાં, એલપીજી સિલિન્ડર હજી પણ ૯૦૩ રૂપિયામાં ઉપલબ્ધ છે, જ્યારે કોલકાતામાં તે ૯૨૯ રૂપિયામાં, મુંબઈમાં ૯૦૨.૫૦ રૂપિયામાં અને ચેન્નાઈમાં ૯૧૮.૫૦ રૂપિયામાં વેચાઈ રહ્યું છે.

### માલદીવના રાષ્ટ્રપતિ જૂની પરંપરા તોડવાની તૈયારીમાં

# મુઈજ્જુ ભારતને પડતું મૂકીને પહેલાં ચીનની મુલાકાતે જશે

## માલદીવના રાષ્ટ્રપતિ ભારત અને પછી ચીનની મુલાકાત લેવાની વર્ષો જૂની પરંપરાને અવગણે એવી શક્યતા

। (એજન્સી) માલે, તા.૧ ।

ચીન સમર્થક ગણાતા માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુ પહેલા ભારત અને પછી ચીનની મુલાકાત લેવાની વર્ષો જૂની પરંપરા તોડવાની તૈયારીમાં છે. એક અહેવાલોમાં દાવો કરાયો હતો કે તે ટૂંક સમયમાં જ ભારતને પડતું મૂકીને ચીનની મુલાકાતે જઈ શકે છે. જોકે આ મામલે કોઈ સત્તાવાર જાહેરાત તો થઈ નથી પણ ખાસ વાત એ છે કે જો એવું થશે તો પ્રથમ વખત એવું બનશે કે જ્યારે માલદીવમાં લોકશાહી રીતે ચૂંટાયેલા નવા રાષ્ટ્રપતિ ભારતથી પહેલા ચીનની મુલાકાત લેશે. છેલ્લે ૨૦૦૮થી માલદીવના તમામ રાષ્ટ્રપતિ સૌથી પહેલા ભારતની મુલાકાતે આવતા હતા અને પછી ચીન જતા હતા. તેમાં ભારતવિરોધી ગણાતા નેતાઓ મોહમ્મદ વાહિદ અને અબ્દુલ્લા યામીન પણ સામેલ હતા. એક અહેવાલ અનુસાર સૂત્રોએ દાવો કર્યો છે કે ચીન અને માલદીવ વચ્ચે દ્વિપક્ષીય મુલાકાત મામલે વાતચીત ચાલી રહી છે. ખાસ વાત એ પણ છે કે ભારત અને ચીનથી પહેલા મુઈજ્જુ તૂર્કીએ પણ જઈ આવ્યા છે. હવે મુઈજ્જુ પહેલા તૂર્કીએ જઈ આવતા એવા સંકેત મળી રહ્યા છે કે માલદીવના રાષ્ટ્રપતિ એવું બતાવવા માગે છે કે તેમનો દેશ ન તો ભારત ન તો ચીન પર નિર્ભર છે. એવા પણ અહેવાલ છે કે ચીને મુઈજ્જુને આમંત્રણ મોકલી દીધું છે. જોકે ભારત તરફથી કોઈ આમંત્રણ મોકલાયું છે કે નહીં તે અંગે હજુ કોઈ સ્પષ્ટતા થઈ નથી. આ અહેવાલ પણ એવા સમયે આવ્યા છે જ્યારે માલદીવના રાષ્ટ્રપતિ મુઈજ્જુ ભારતીય સૈનિકોને તેમના દેશમાંથી બહાર કરવાના સતત પ્રયાસો કરી રહ્યા છે.

### ખેતી, કન્સ્ટ્રક્શનમાં માણસોની જરૂર

# ઈઝરાયલમાં કામ કરવા ભારતના હજારો કામદારોની ભરતી કરી

## ઈઝરાયલમાં બાંધકામ ઉદ્યોગ બહુ મોટો છે, તેવી જ રીતે ખેતીમાં પણ બહારના લોકોને મોટા પાયે રોજગાર પર રાખવામાં આવે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

દુનિયાના મોટા ભાગના દેશોમાં હાલમાં સ્કીલ્ડ લેબરની અછત છે જેમાં હવે ઈઝરાયલનો પણ સમાવેશ થાય છે. ઈઝરાયલ-ગાઝા યુદ્ધના કારણે ત્યાં ખેતીવાડી, હેલ્થકેર અને કન્સ્ટ્રક્શન ક્ષેત્રમાં મજૂરો અને કારીગરોની તંગી પેદા થઈ છે. અત્યાર સુધી પેલેસ્ટાઈનના લોકો ઈઝરાયલમાં કન્સ્ટ્રક્શન અને કૃષિ ક્ષેત્રમાં મજૂર અથવા કારીગર તરીકે કામ કરતા હતા, પરંતુ યુદ્ધના કારણે તેમને કામ આપી શકાય તેમ નથી. પરિણામે ઈઝરાયલે ભારત અને શ્રીલંકામાં હજારો લોકોની ભરતી કરી છે.



ઈઝરાયલમાં બાંધકામ ઉદ્યોગ બહુ મોટો છે. તેવી જ રીતે ખેતીમાં પણ બહારના લોકોને મોટા પાયે રોજગાર પર રાખવામાં આવે છે. સ્કીલ્ડ લોકો માટે ઈઝરાયલમાં હેલ્થકેર ઈન્ડસ્ટ્રીમાં પણ ઘણી ડિમાન્ડ છે. આવી સ્થિતિમાં ભારતના હજારો લોકો ઈઝરાયલમાં કામ કરવા માટે તૈયાર થયા છે. આગામી સપ્તાહમાં હજારો ભારતીયોને ઈઝરાયલ કામ કરવા માટે મોકલવામાં આવશે. તેની સાથે શ્રીલંકાના લોકો પણ જોડાશે. ભારત અને શ્રીલંકા બંને અત્યારે મોટા પ્રમાણમાં બેરોજગારીનો સામનો કરે છે તેમ ન્યુયોર્ક ટાઈમ્સનો અહેવાલ જણાવે છે. નવાઈની વાત એ છે કે શ્રીલંકા આર્થિક રીતે ભાંગી પડ્યું છે અને ભારત સૌથી ઝડપથી વિકસતા દેશોમાં સ્થાન ધરાવે છે. છતાં ભારતમાં બેરોજગાર લોકોની સંખ્યા બહુ મોટી છે.

ગઈ ૭ ઓક્ટોબરે હમાસે ઈઝરાયલ પર હુમલો કર્યો ત્યારથી સ્થિતિ બદલાઈ ગઈ છે અને ઘણા સેક્ટરમાં બહારના લોકોને કામ કરવા બોલાવવા પડે તેમ છે. ઈઝરાયલે પેલેસ્ટાઈન બોર્ડર બંધ કરી દીધી હોવાથી અત્યાર સુધી જે લોકો ખેતરોમાં અથવા બાંધકામ સાઈટ પર કામ માટે આવતા હતા તેમનું આવવાનું બંધ થઈ ગયું છે. ઈઝરાયલમાં હાલમાં ૩૦ હજાર વિદેશી વર્કર્સ છે જેમાંથી કેટલાક થાઈલેન્ડ અને નેપાળના લોકો પણ છે. હમાસના હુમલામાં કેટલાક વિદેશીઓ પણ માર્યા ગયા હતા. ભારત અને ઈઝરાયલ વચ્ચે તાજેતરમાં કામદારો અંગે એગ્રીમેન્ટ થયા છે જેના ભાગરૂપે ઈઝરાયલની કંપનીઓને ભારતમાંથી હજારો લોકોની અરજીઓ મળી છે. હરિયાણાના મુકેશ નામના એક કામદારે કહ્યું કે ગાઝા યુદ્ધના કારણે ઈઝરાયલમાં ઘણું જોખમ હોવા છતાં તે અને તેના કામના બીજા ઘણા લોકોએ કન્સ્ટ્રક્શન ક્ષેત્રે જોબ માટે અરજી કરી છે.

એક બાંધકામ કંપનીએ કહ્યું કે તેને ૨૫૦૦ અરજીઓ મળી છે. મુકેશે કહ્યું કે તેને ઈઝરાયલમાં કામ મળશે તો તે દર મહિને થોડી બચત કરીને ઘરે મોકલશે જેનાથી તેના બાળકોને સારું શિક્ષણ મળી શકશે, તથા પોતાનું દેવું પણ ઉતારી શકશે. ગયા મે મહિનામાં ભારત અને ઈઝરાયલ વચ્ચે રિક્રુટમેન્ટ અંગે કરાર થયા હતા. તે પ્રમાણે ભારતના ૪૨,૦૦૦ લોકોને ઈઝરાયલ પોતાને ત્યાં કામ આપશે. તેમાંથી ૩૪,૦૦૦ લોકો બાંધકામ ક્ષેત્રે કામ કરશે જ્યારે ૮,૦૦૦ લોકોને હેલ્થકેરમાં કામ મળશે. આ ઉપરાંત શ્રીલંકાના ૧૦,૦૦૦ લોકો પણ મિડલ ઈસ્ટના દેશ ઈઝરાયલમાં કામ કરવા જવાના છે. તેઓ મોટા ભાગે કેરગિવર તરીકે કામ કરશે અને વૃદ્ધો તથા બીમાર લોકોની સેવા કરશે. શ્રીલંકાની સરકારે તાજેતરમાં જણાવ્યું હતું કે તેઓ ઈઝરાયલમાં ખેતીવાડી માટે પણ માણસો મોકલવા તૈયાર છે.

## ઝારખંડમાં કાર ડિવાઈડર સાથે ટકરાતાં છ મિત્રોનાં મોત

। (એજન્સી) રાંચી, તા.૧ ।

ઝારખંડના જમશેદપુરથી નવા વર્ષના પહેલા જ દિવસે માઠા સમાચાર સામે આવ્યા છે. એક ભયાનક માર્ગ અકસ્માતમાં ૬ મિત્રોના એક સાથે મોત થયા છે. આ ઘટના બિષ્ટુપુર પોલીસ સ્ટેશન વિસ્તારના સર્કિટ હાઉસ વિસ્તારમાં આવેલા ગોલ ચક્કર પાસે બની હતી. મળેલા અહેવાલો મુજબ એક પુરપાટ ઝડપથી દોડતી કાર પહેલા ડિવાઈડર સાથે અથડાઈ અને તે પછી ઝાડ સાથે અથડાઈ પલટી ગઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર ૮ લોકોમાંથી ૬ના મોત થયા હતા. સ્થાનિક લોકોએ આ ઘટનાની જાણ પોલીસને કરી હતી. ત્યારબાદ ઘટનાસ્થળે પહોંચી પોલીસે મૃતદેહોને કસ્ટડીમાં લીધા અને પોસ્ટમાર્ટમ માટે મોકલ્યા હતા.

### ઈઝરાયેલની યુદ્ધ કેબિનેટની મહત્ત્વપૂર્ણ બેઠક

# ઈઝરાયેલ બંધકોની મુક્તિ માટે ડીલ કરવા તૈયાર થયા

## ગુપ્તચર એજન્સી મોસાદના પ્રમુખ ડેવિડ બર્નિયાને બંધકોની મુક્તિ માટે ચર્ચા કરવા સરકારે લીલીઝંડી આપી

। (એજન્સી) જેરૂસલેમ, તા.૧ ।

નવા વર્ષની પૂર્વ સંધ્યાએ ઈઝરાયલી યુદ્ધ કેબિનેટની મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. સંરક્ષણ મંત્રાલયના સૂત્રોએ જણાવયું કે બંધકોની મુક્તિ માટે કતાર અને ઈજિપ્તના મધ્યસ્થીઓ સાથે ચર્ચાને આગળ વધારવા માટે આ પગલું ભરાયું છે. સાથે જ ૭ ઓક્ટોબરે હમાસ દ્વારા અપહરણ કરી લેવાયેલા ઈઝરાયલના લગભગ ૫૦ બંધકોની મુક્તિની સંભાવનાઓ વધી ગઈ છે. ગુપ્તચર એજન્સી મોસાદના પ્રમુખ ડેવિડ બર્નિયાને બંધકોની મુક્તિ માટે ચર્ચા કરવા સરકારે લીલીઝંડી આપી દીધી છે. જોકે હમાસ દ્વારા મંત્રણાથી પીછેહઠ કરવા અને યુદ્ધની પૂર્ણ સમાપ્તિ પર ભાર મૂકવાના અહેવાલ મળી રહ્યા છે. જોકે હમાસની ઓફરને ઈઝરાયલે નકારી કાઢી હોવાનો દાવો કરાયો છે. સંરક્ષણ મંત્રાલયના સુત્રોએ કહ્યું કે હમાસ વાતચીત કરવા તૈયાર છે કેમ કે આ સંગઠને દેશ સાથે યુદ્ધમાં તેના અનેક લડાકૂઓના મૃત્યુ જોયા છે. બીજી બાજુ ઈઝરાયલી સૈન્યએ ગાઝામાં ગ્રાઉન્ડ ઓપરેશન ચલાવી રહેલા હજારો સૈનિકોને પરત બોલાવવાનો નિર્ણય કર્યો છે. આઈડીએફએ રવિવારે કહ્યું કે અમે ૫ લડાકૂ બ્રિગેડને પરત બોલાવી રહ્યા છીએ જેથી સૈનિકોને આગળની લડાઈ માટે મજબૂત કરી શકાય. બીજી બાજુ નવા વર્ષની શરૂઆતમાં જ ઈઝરાયલે ગાઝા પર બોમ્બમારો કરવાનું ચાલુ રાખ્યું હતું.

**વિશેષ** આરોગ્ય તથા ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે વિરમગામ ખાતે રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ

# માળખાકીય સુવિધાઓનો વ્યાપ વધારવા માટે આવનારા બજેટમાં ગતવર્ષનાં બજેટ કરતા વિશેષ જોગવાઈ કરાશે : મંત્રી ઋષિકેશ પટેલ

। (માહિતી) અમદાવાદ ।

માર્ગ અને મકાન વિભાગ તથા કેન્દ્ર સરકારના રેલ મંત્રાલય દ્વારા વિરમગામ શહેરના વિરમગામના ભોજવા ખાતે નિર્મિત રેલ્વે ઓવરબ્રિજનું રાજ્યના આરોગ્ય તથા ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. સાથોસાથ મંત્રીશ્રીના હસ્તે વિરમગામ તાલુકાના કલ્યાણપુરા - સચાણા - ઓગણ - કાયલાના માર્ગના રિસરફેસિંગની કામગીરીનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું છે. આજના પ્રસંગે મોટી સંખ્યામાં એકત્ર થયેલા વિરમગામના નગરજનોને સંબોધતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતથી વિકાસની રાજનીતિ શરૂ કરી તે આપણા માટે ગૌરવની વાત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં કાર્યરત સરકાર જનકલ્યાણની યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડી રહી છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા તેનું સશક્ત માધ્યમ છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા દ્વારા આયુષ્યમાન યોજના, પીએમ ઉજ્જવલા યોજના, જનધન યોજના જેવી કેન્દ્ર સરકારની ૧૭ કલ્યાણકારી યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચી રહ્યો છે. આ યોજનાઓનો લાભ મેળવી



મહિલાઓ, યુવાનો અને નાના વેપારીઓ પણ ભારતને વિકસિત બનાવવામાં યોગદાન આપી રહ્યા છે. એમ તેમણે ઉમેર્યુ હતું.

શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે સરકાર કોઈપણ પ્રકારના ભેદભાવ વગર તમામ લોકોને આરોગ્ય, શિક્ષણ, પરિવહન જેવી સુવિધાઓ આપી રહી છે. આ સુવિધાઓનો વ્યાપ વધારવા માટે આવનારા બજેટમાં ગતવર્ષના બજેટ કરતા વિશેષ જોગવાઈ કરવામાં આવનાર છે. વિરમગામની જનતાને આશ્વસ્થ કરતા મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, આગામી વર્ષોમાં સમગ્ર વિરમગામની સૂરત બદલવા માટે સરકાર પ્રયાસ કરી રહી છે. આગામી વર્ષોમાં વિરમગામમાં રોડ રસ્તા, ભૂગર્ભ ગટર સહિતની અનેક માળખાકીય સુવિધાઓને વિકસાવવા અને વિસ્તારવામાં આવશે. મંત્રીશ્રી કહ્યું કે, આ નવનિર્મિત બ્રિજથી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત વચ્ચેની કનેક્ટિવિટીને વેગ મળશે જેનાથી વિરમગામમાં ઉદ્યોગ અને રોજગારીનું પ્રમાણ પણ વધવાનું છે. આજના અવસરે વિરમગામના ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ વિસ્તારમાં શાળા-કોલેજ, હોસ્પિટલ, માર્કેટિંગ યાર્ડ, રોડ-રસ્તાઓ જેવી સુવિધાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે, વિરમગામમાં ખુલ્લી ગટરનો પ્રશ્ન હલ કરવા માટે ૫૨ કરોડની ગ્રાન્ટને સૈદ્ધાંતિક મંજૂરી આપવા બદલ તેમણે મુખ્યમંત્રીશ્રીનો આભાર માન્યો. સાથોસાથ માંડલમાં ૧૬ કરોડના ખર્ચે કોલેજ નિર્માણની મંજૂરી માત્ર ૮ દિવસમાં આપવા બદલ મંત્રી શ્રી ઋષિકેશ પટેલનો પણ તેમણે આભાર પણ વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, લોકાર્પિત થયેલા ૯૩૫ મીટર લંબાઈના આ ફ્લાયઓવર બ્રિજનું નિર્માણ ૪૦ કરોડના ખર્ચે સંપન્ન કરવામાં આવ્યું છે. રાજ્યધોરીમાર્ગ ૧૮ પર નિર્મિત આ બ્રિજ ટ્રાફિકની સમસ્યાથી મોટી રાહત આપશે. આજના પ્રસંગે વિરમગામના પૂર્વ ધારાસભ્ય શ્રી તેજશ્રીબેન પટેલ અને શ્રી પ્રાગજીભાઈ પટેલ, વિરમગામ નગર પાલિકાના પ્રમુખ શ્રી કામિનીબેન મનસુરા તેમજ અન્ય પદાધિકારીઓ તથા અમદાવાદ જિલ્લા કલેકટર શ્રીમતી પ્રવીણા ડી.કે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુક દવે, વિરમગામના પ્રાંત અધિકારી શ્રી જય બારોટ, અમદાવાદ માર્ગ અને મકાન વર્તુળના અધિક્ષક ઈજનેર એ.એન.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આજના સમારોહમાં સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં વિરમગામના નગરજનો ઉમટ્યા હતા.

### કંપોઝિટ રિજનલ સેન્ટર (CRC) અમદાવાદ દ્વારા 'દિવ્ય કલા શક્તિ મહોત્સવ' યોજાયો

# ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના રાજયમંત્રી શ્રી એ. નારાયણસ્વામીની પ્રોત્સાહક ઉપસ્થિતિ

। (માહિતી) અમદાવાદ, તા.૧ ।

કંપોઝિટ રિજનલ સેન્ટર (CRC) અમદાવાદ દ્વારા વસ્ત્રાલના ડૉ. શ્યામ પ્રસાદ મુખર્જી ઓડિટોરિયમ ખાતે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના રાજયમંત્રી શ્રી એ. નારાયણસ્વામીની અધ્યક્ષતામાં 'દિવ્ય કલા શક્તિ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે કેન્દ્રિય રાજયમંત્રી શ્રી એ. નારાયણસ્વામીએ કહ્યું કે, દિવ્ય કલા શક્તિ મહોત્સવ' જેવા કાર્યક્રમો દિવ્યાંગજનોને આગળ લાવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. એટલું જ નહિ દિવ્યાંગોને પોતાની ટેલેન્ટને દેખાડવાની તક પણ મળે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ અને સૌનો વિશ્વાસ થકી સમાજના દિવ્યાંગો માટે અનેક દિવ્યાંગલક્ષી



યોજનાઓ થકી તેઓને અનેક પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દિવ્યાંગોના વિકાસને લઈને કટિબદ્ધ છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

શ્રી એ. નારાયણસ્વામીએ વધુમાં કહ્યું કે, રાજ્યમાં આ પ્રકારના સી.આર.સી સેન્ટર થકી અનેક દિવ્યાંગોને સહાય પહોંચાડવામાં આવી રહી છે અને સમાજમાં આગળ લાવવા માટે પ્લેટફોર્મ પણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, દમણ, દીવ અને દાદરા નગર હવેલીના દિવ્યાંગજનોએ પોતાની પ્રતિભા પ્રદર્શિત કરી છે એ ખુબ જ સહરાનીય છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે કંપોઝિટ રિજનલ સેન્ટર (CRC) અમદાવાદના ડાયરેક્ટર શ્રી અજિતસિંહે કહ્યું કે, 'દિવ્યાંગતામાં ક્ષમતાના દર્શન' સૂત્ર સાથે આયોજીત કાર્યક્રમમાં દિવ્યાંગ કલાકારોને આંતરિક ક્ષમતા અને પ્રતિભા પ્રદર્શિત કરવાની તક મળી છે. આ કાર્યક્રમમાં દિવ્યાંગજનો ડાન્સ, સિંગિંગ, ક્રિએટિવ આર્ટ સહિતની સ્પેશિયલ ટેલેન્ટને પ્રદર્શિત કરી હતી. એટલું જ નહિ ટોપ ૧૦૦ ટેલેન્ટને રોકડ પુરસ્કારોથી સન્માનિત પણ કરવામાં આવ્યાં છે.

# અયોધ્યામાં રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા નિમિત્તે રજા આપવાની માંગ કરાઇ

### ગુજરાત સમગ્ર દેશમાં આ પહેલ કરે અને આ દિવસે તમામ શાળાઓ, કોલેજો અને ઓફિસો બંધ રાખવામાં આવે

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અયોધ્યામાં રામ મંદિરના ઉદ્‌ઘાટનની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. ૨૨ જાન્યુઆરીએ મંદિરમાં રામલલ્લાના પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવશે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દેશ-વિદેશના અનેક સંતો અને અન્ય હસ્તીઓ હાજર રહી હતી. આ બધા વચ્ચે ગુજરાત VHP એ સરકાર સમક્ષ માંગ મૂકી છે.અયોધ્યામાં નિર્માણાધીન રામ મંદિરમાં રામલલ્લાના પ્રાણ પ્રતિષ્ઠાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. એક ૧૦૮ ફૂટ લાંબી અગરબત્તી, જે અભિષેક પ્રસંગે પ્રગટાવવામાં આવવાની છે, તે પણ ગુજરાતના વડોદરા શહેરમાંથી રવાના કરવામાં આવી છે. આ પછી વડોદરાથી અયોધ્યા માટે એક વિશાળકાય દીપ પણ મોકલવામાં આવશે. આ બધા વચ્ચે વિશ્વ હિન્દુ પરિષદ એ ગુજરાત સરકાર સમક્ષ માંગણી કરી છે. આમાં VHPએ રામ મંદિર નિર્માણમાં ગુજરાતના યોગદાનને રેખાંકિત કર્યું છે અને કહ્યું છે કે અયોધ્યામાં અભિષેકના દિવસે એટલે કે ૨૨ જાન્યુઆરીએ રાજ્યમાં રજા જાહેર કરવામાં આવવી જોઈએ. VHPના વરિષ્ઠ નેતા અશોક રાવલે જણાવ્યું હતું કે અમે ઈચ્છીએ છીએ કે ગુજરાત સમગ્ર દેશમાં આ પહેલ કરે અને આ દિવસે તમામ શાળાઓ, કોલેજો અને ઓફિસો બંધ રાખવામાં આવે, જેથી દરેક અયોધ્યામાં ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠા લાઈવ જોઈ શકે. વિશ્વ હિન્દુ પરિષદની માંગને ગુજરાતના શક્તિશાળી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા ટેકો આપવામાં આવ્યો હતો.

# દિયોદર-ભાભર રોડનો ઓવર બ્રિજ ખુલ્લો મુકવામાં આવ્યો

। (એજન્સી) દિયોદર, તા.૧ ।

બનાસકાંઠા જિલ્લાને મોટી ભેટ નવા વર્ષની શરુઆતે મળી છે. દિયોદર રેલવે ઓવર બ્રિજને વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી અને ઉદ્યોગ પ્રધાન બળવંતસિંહ રાજપૂતે ખુલ્લો મુકીને વર્ષો જૂની સમસ્યાને દૂર કરવામાં આવી છે. આમ હવે નવા ઓવર બ્રિજને ખુલ્લો મુકતા વિસ્તારના વાહન ચાલકો અને સ્થાનિકોને મોટી રાહત પહોંચી છે.

૨૪ કલાકમાં ૯૦ વાર રેલવે ફાટક બંધ રહેતુ હોય તો વિચારો કે વાહન ચાલક તરીકે તમને કેવી સમસ્યાનો સામનો કરવો પડે. સરેરાશ દર ૧૫ મિનિટે ફાટક બંધ રહેતુ હતુ, જેનાથી સ્થાનિકો પરેશાન છે. દિયોદર -ભાભર રોડ પરના રેલવે ફાટકની સમસ્યાને દૂર કરતો ઓવર બ્રિજ હવે ખુલ્લો મુકવામાં આવ્યો છે. વિસ્તારના લોકોએ આ સમસ્યાને દૂર કરવા માટે માંગ કરવામાં આવતી હતી. જેને હવે દૂર કરવામાં આવતા સ્થાનિકોને રાહત સર્જાઈ છે. પ્રધાન બળવંતસિંહ રાજપૂતે મીડિયા સાથે વાતચિત કરવા દરમિયાન બતાવ્યુ હતુ કે, પોતે સાંભળ્યુ છે કે, ૯૦ વખત દિવસમાં ફાટક બંધ રહેતુ હતુ. આમ આ સમસ્યાને દૂર કરવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે પ્રયાસ કરતા ૩૨ કરોડના ખર્ચે નવો ઓવર બ્રિજ નિર્માણ કરવામાં આવ્યો છે.

# ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મળવું આપણા સૌ માટે ગૌરવ લેવા જેવી વાત : મંત્રી જગદીશ વિશ્વકર્મા

### વર્ષ ૨૦૨૪ના પ્રથમ સૂર્યદર્શન સાથે અમદાવાદની લકુલીશ યોગ યુનિવર્સિટી ખાતે રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ભવ્ય સામૂહિક સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાય

। (માહિતી) અમદાવાદ,તા.૧ ।

વર્ષ ૨૦૨૪ની પ્રથમ સવારે રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગર તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે અમદાવાદની લકુલીશ યોગ યુનિવર્સિટી ખાતે સહકાર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ભવ્ય સામૂહિક સૂર્ય નમસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ આ સામૂહિક સૂર્ય નમસ્કાર કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૫થી આખા વિશ્વભરમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ યોગને વિશ્વભરમાં આગવું સ્થાન પ્રાપ્ત થયું છે. આજે ગુજરાતભરમાં ૧૦૮ જગ્યાઓએ યોજાવા જઈ રહેલો આ સામૂહિક સૂર્ય નમસ્કાર કાર્યક્રમ વિશ્વમાં અનોખો છે અને તે કારણસર આ આયોજનને ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મળશે, જે આપણા સૌ કોઈ માટે ગૌરવની વાત છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ યોગના વિવિધ ફાયદાઓ વિશે જાણીને યોગને જીવનશૈલી બનાવવા માટે અનુરોધ કર્યો હતો. મોઢેરા સૂર્યમંદિર ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના પ્રાસંગિક વક્તવ્ય, સામૂહિક સૂર્ય નમસ્કાર કાર્યક્ર્મ અને રાજ્ય કક્ષાએ વિજેતા સ્પર્ધકોના ભવ્ય સન્માન સમારોહનું લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યૂટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, લકુલીશ યોગ યુનિવર્સિટીના કુલપતિ શ્રી પ્રો. વિવેકભાઈ મહેશ્વરી, લકુલીશ યોગ યુનિ.ના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી રાહિલભાઈ પટેલ, લકુલીશ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર શ્રી સચિનભાઈ પટેલ વગેરે અધિકારીઓ તથા યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### રાજકોટમાં 3 દિવસ અનેક વોર્ડમાં પાણીકાપ મુકવામાં આવશે

। (એજન્સી) રાજકોટ, તા.૧ ।

રાજકોટમાં ભર શિયાળે પાણીકાપ મુકવાની સ્થિતિ સર્જાઈ છે. રાજકોટ શહેરમાં આજથી ૩ દિવસ અનેક વોર્ડમાં પાણીકાપ મુકવામાં આવશે. ૧ જાન્યુઆરીએ એટલે કે આજે વોર્ડ ૧,૨,૩ અને ૯માં પાણીકાપ રહેશે. રાજકોટમાં ૧ થી ૩ જાન્યુઆરી સુધી ૧૭ વોર્ડમાં પાણીકાપ રહેશે. તો ૧ જાન્યુઆરીએ વોર્ડ ૧,૨,૩ અને ૯માં પાણીકાપ રહેશે. તો ૨ જાન્યુઆરીએ ૭, ૯, ૧૦, ૧૨, ૧૪, ૧૭ અને ૧૮માં પાણીકાપ રહેશે. જ્યારે ૩ જાન્યુઆરીના રોજ ૨, ૩, ૪, ૮, ૧૧ અને ૧૩માં પાણીકાપ રહે તેવી સંભાવના છે. તો પમ્પિંગ સ્ટેશનની સફાઈ અને રિપેરીંગના કારણે પાણીકાપ મુકવામાં આવ્યો હોવાનું સામે આવ્યુ છે.







### રામ મંદિરથી પ્રેરણા લઈને કોર્પોરેશનનો મહત્વનો નિર્ણય AMC નવા વર્ષે શહેરના ૯ પ્રોજેક્ટનું ફરીથી નામકરણ કરશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અયોધ્યા રામ મંદિરથી પ્રેરણા લઈને કોર્પોરેશન દ્વારા મહત્વનો નિર્ણય કર્યો છે. એએમસી દ્વારા નવા વર્ષે શહેરનાં ૯ પ્રોજેક્ટનું ફરીથી નામકરણ કરવામાં આવશે. તેમજ નવા પ્રોજેક્ટનાં નામ બદલીને રામાયણનાં પાત્રો અને સ્થળોનાં નામ અપાશે. એએમસી દ્વારા આગામી સમયમાં બ્રિજ, તળાવ, પાર્ટી પ્લોટ, ચાર રસ્તા અને લાઈબ્રેરીનો સમાવેશ કરાશે. હાલ અયોધ્યા રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા સમગ્ર દેશમાં ચર્ચાનો વિષય છે. શહેરનાં લોકોને ભગવાન રામ અને રામાયણની ઘટનાઓ સાથે જોડવા નિર્ણય લેવાયો છે. ઓઢવ અને વિરાટનગર વિસ્તારમાં આવેલા નવા પ્રોજેક્ટનાં નામ બદલવામાં આવશે. ત્યારે તાજેતરમાં જ વડાપ્રધાન દ્વારા અયોધ્યા ખાતે આંતરરાષ્ટ્રીય વિમાન મથકનું ઉદ્ઘાટન કર્યું હતું. જેનું નામ મહર્ષિ વાલ્મિકી આંતરરાષ્ટ્રીય વિમાન મથક રાખવામાં આવ્યું છે. તેમજ રેલ્વે સ્ટેશનને પણ અયોધ્યા ધામ જંક્શન નામ કરણ કરવામાં આવેલ છે.



તસ્વીર : સંતોષ જોશી બૂરોઈન ચીફ, સંતરામપુર



। (પ્રતિનિધી) સંતરામપુર, તા.૧ ।

સંતરામપુર નગરમાં શ્રી સુરેશકુમાર કનૈયાલાલ શાહ તરફથી સ્વ. કનૈયાલાલજી તથા સ્વ. સજ્જનબા શાહની પવિત્ર સ્મૃતિમાં શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાગવત ભૂષણ સંત શ્રી અમૃતરામજી મહારાજના મુખેથી સમસ્ત દશનીમા વણિક સમાજની વાડીમાં ભાગવત ભગવાનની કથાનું વિમોચન કરવામાં આવ્યું હતું. જેમાં ભાગવત ભગવાનની કળશ પોથીયાત્રા સંતરામપુર ગામના મુક્તેશ્વર મહાદેવ મંદિરથી નીકળી મેઈન બજાર થઈ કથા સ્થળે લોકો ઢોલ ડી.જે માથે કળશ અને ભાગવત ભગવાનની પોથી લઈ અસંખ્ય ભાવિક ભક્તો ઉમટ્યા હતા. અને ભાગવત સપ્તાહનું સ્મૃતિ કરી હતી જેમાં વણિક સમાજના અગ્રણી દિલીપ કુમાર બદામીલાલ શાહ અતુલકુમાર શાહ અશ્વિન દેવિલાલ શાહ કૃષ્ણકાંત શાહ તથા પ્રિયંકાબેન શાહ અને સમસ્ત વણિક સમાજના અગ્રણીઓ સતત સાત દિવસ સુધી આયોજન કરી શ્રોતાઓની સેવામાં ઉપસ્થિત રહી અને ધાર્મિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ કથામાં સમસ્ત જ્ઞાતિના લોકો જોડાઈ સાત દિવસ સુધી કથા શ્રુતિ ગ્રહણ કરી હતી.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨